

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 318
Dt.: 28-07-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### પીએમ મોદીએ ચોલ સામ્રાજ્યના વખાણ કર્યા

# ઓમ નમઃ શિવાય સાંભળતા જ મારા રુંવાડા ઊભા થઈ જાય છેઃ PM મોદી

## તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિરમાં મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમની જન્મજયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમને મોદીએ સંબોધિત કર્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિરમાં મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમની જન્મજયંતિ નિમિત્તે રવિવારે (૨૭મી જુલાઈ) આયોજિત કાર્યક્રમને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધિત કર્યો.

આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, આ રાજાની પૂજનીય ભૂમિ છે અને આજે જે રીતે ઈલૈયારાજાએ આપણા બધાને શિવની ભક્તિમાં ડૂબાડી દીધા, તે અદ્ભુત વાતાવરણ હતું. હું કાશીનો સાંસદ છું, જ્યારે હું ઓમ નમઃ શિવાય સાંભળું છું, ત્યારે મારા રુંવાડા ઊભા થઈ જાય છે.

ચોલ સામ્રાજ્ય અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ઈતિહાસકારો માટે છે કે, ચોલ સામ્રાજ્યનો સમય ભારત માટે સુવર્ણ યુગ હતો. ચોલ સામ્રાજ્યએ ભારતને લોકતંત્રની જનની કહેવાની પરંપરાને પણ આગળ વધારી હતી. ઈતિહાસકારો લોકતંત્રનો નામે બ્રિટનના મેગ્ના કોર્ટા વિશે વાત કરે છે, પરંતુ સદીઓ પહેલા ચોલ સામ્રાજ્યમાં લોકતંત્ર પદ્ધતિ દ્વારા ચૂંટણી યોજાતી હતી. આપણે ઘણાં રાજાઓ વિશે સાંભળીએ છીએ જેઓ અન્ય સ્થળો પર વિજય મેળવ્યા પછી સોનું, ચાંદી અથવા પશુધન લાવ્યા હતા. પરંતુ રાજેન્દ્ર ચોલ ગંગાજળ લાવ્યા હતા. ગર્વથી વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, વારાણસીના પ્રતિનિધિ અને ગંગાના પુત્ર તરીકે મને ફરી એકવાર આ ઐતિહાસિક ભૂમિ પર ગંગાજળ લાવવાનું સન્માન મળ્યું છે. આ એ જ સ્થાન છે જ્યાં ચોલ સમ્રાટ રાજેન્દ્ર ઉત્તર ભારતમાંથી ગંગાજળ લાવ્યા હતા અને તેને અહીં પોનેરી જળાશયમાં રેડ્યું હતું. તે માત્ર પાણી નહોતું, પરંતુ ઉત્તર અને દક્ષિણના આત્માઓનો સંગમ હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચોલ યુગના ભગવાન બૃહદેશ્વર મંદિરમાં પૂજા કરી હતી. તે વૈદિક અને શૈવ તિરુમુરાઈ મંત્રોચ્ચાર વચ્ચે પ્રાર્થના કરતા જોવા મળ્યા અને પરંપરાગત રીતે શણગારેલો કળશ સાથે લાવ્યા હતા.

મંદિરના પુજારીઓએ પૂર્ણ કુંભ સાથે વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત તેમણે ચોલ શૈવ ધર્મ અને સ્થાપત્ય પર ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના પ્રદર્શનની પણ મુલાકાત લીધી. ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિર તમિલનાડુના અરિયાલુર જિલ્લામાં આવેલું એક ઐતિહાસિક મંદિર છે, જે ૧૧મી સદીમાં ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમ દ્વારા બનાવાયું હતું. આ મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ગ્રેટ લિવિંગ ચોલ ટેમ્પલનો ભાગ છે, જેમાં તંજાવુરના બૃહદેશ્વર મંદિર અને દારાસુરમ ખાતે ઐરાવતેશ્વર મંદિરનો પણ સમાવેશ થાય છે.

આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે. ગંગાઈકોંડા ચોલાપુરમ (ગંગા પર વિજય મેળવનાર ચોલ) નામ રાજેન્દ્ર ચોલના ગંગા નદી પરના વિજયની યાદમાં રાખવામાં આવ્યું છે.

### નકલી એમ્બેસી કેસમાં ઘટસ્ફોટ

# ૧૦ વર્ષમાં ૧૬૨ વિદેશયાત્રા અને રૂ.૩૦૦ કરોડનું કૌભાંડ

## દેશ-વિદેશમાં બેંક એકાઉન્ટ, બે પાનકાર્ડઃ હર્ષવર્ધનની કસ્ટડી રિમાન્ડની તૈયારી, સોમવારે સુનાવણી થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાજિયાબાદ

ઉત્તર પ્રદેશના ગાજિયાબાદમાં નકલી દૂતાવાસના કેસમાં ભેજાબાજ હર્ષવર્ધન જૈનની ધરપકડ કરાયા બાદ રોજબરોજ નવા-નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. નોઈડા એસટીએફના અધિકારીઓએ કહ્યું કે, હર્ષવર્ધનના બી-૩૫ કવિનગરના મકાનમાંથી દસ્તાવેજ જપ્ત કરાયા છે, જેમાં ભેજાબાજે એહસાન અલી સૈયદ સાથે મળીને વિદેશમાં ૨૫ કંપનીઓ રજિસ્ટર્ડ કરાવી હોવાનો અને અનેક બેંક એકાઉન્ટ ધરાવતો હોવાનો ખુલાસો થયો છે. હર્ષવર્ધનના વિદેશમાં અનેક એકાઉન્ટ હોવાનો, ૧૦ વર્ષમાં ૧૬૨ વખત વિદેશ યાત્રા કરી હોવાની પણ માહિતી સામે આવી છે. હર્ષવર્ધનને કસ્ટડી રિમાન્ડ લેવા માટે પોલીસે કોર્ટમાં અરજી કરી છે અને આ મામલે સોમવારે સુનાવણી હાથ ધરાશે. ઉત્તર પ્રદેશની એટીએફે જણાવ્યું છે કે, હર્ષવર્ધન ૩૦૦ કરોડથી વધુના કૌભાંડમાં સામેલ છે, જેની તપાસ ચાલી રહી છે. તેણે વિદેશમાં લોન આપવાના નામે કૌભાંડ કર્યું છે. આ ઉપરાંત અન્ય કેટલાક કૌભાંડની પણ તપાસ ચાલી રહી છે. એસટીએફના દાવા મુજબ હર્ષવર્ધન હવાલાનો અને લાયઝનિંગના ધંધાનો ખેલાડી હોવાનું સ્પષ્ટ જણાઈ આવ્યું છે. જાણીતા વ્યક્તિ ચંદ્રાસ્વામીએ હર્ષવર્ધનની મુલાકાત સાઉદીમાં હથિયારોના ડિલર અદનામ ખગોશી તથા લંડનમાં એહસાન અલી સૈયદ સાથે કરાવી હતી. હૈદરાબાદનો રહેવાસી એહસાન અલી સૈયદ પાસે તુર્કેઈની નાગરિકતા છે. ચંદ્રાસ્વામીએ હર્ષવર્ધનને સૈયદ સાથે લંડન મોકલ્યો હતો. બંનેએ ભેગા મળી લંડનમાં અનેક શેલ કંપનીઓ ઉભી કરી હતી. આ મામલે તપાસ કરી રહેલી એસટીએફને કેટલાક દસ્તાવેજ હાથ લાગ્યા છે, જેમાં અત્યાર સુધીમાં ૨૫થી વધુ કંપનીઓ ઉભી કરી હોવાનો અને કંપનીઓનો ડેટા પણ હર્ષવર્ધન પાસે હોવાની વિગતો સામે આવી છે. હર્ષવર્ધનના દુબઈમાં છ, મોરેશિયસમાં એક, યુકેમાં ત્રણ તથા ભારતમાં એક બેંક એકાઉન્ટ હોવાની અને બે પાનકાર્ડ હોવાની માહિતી સામે આવી છે. હાલ આ બેંક એકાઉન્ટની તપાસ ચાલી રહી છે. પાનકાર્ડના આધારે દેશ-વિદેશમાં બેંક એકાઉન્ટ ખોલ્યા હોવાની જાણ થયા બાદ તપાસ શરૂ કરી દેવાઈ છે.

પાસપોર્ટની તપાસ કરાયા બાદ હર્ષવર્ધને ૨૦૦૫થી ૨૦૧૫ દરમિયાન ૧૦ વર્ષમાં ૧૯ દેશોમાં ૧૬૨ વખત વિદેશ પ્રવાસ કર્યો છે. તેણે સૌથી વધુ યુએઈમાં ૫૪ વખત, યુકેમાં ૨૨ પ્રવાસ કર્યો છે. આ ઉપારાંત મોરેશિયસ, ફ્રાન્સ, કેમરૂન, પોલેન્ડ, શ્રીલંકા, તુર્કી, ઈટાલી, સેબોર્ગો, ઈન્ડોનેશિયા, સાઉદી અરેબિયા, સિંગાપોર, મલેશિયા, જર્મની અને થાઈલેન્ડનો પણ પ્રવાસ કરેલો છે.પોલીસે હર્ષવર્ધનના કસ્ટડી રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં અરજી કરી છે, જેની સુનાવણી સોમવારે હાથ ધરવામાં આવશે.

ઉત્તર પ્રદેશ એસટીએફની નોઈડા શાખાના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ રાજકુમરા મિશ્રાએ કહ્યું કે, ‘કવિનગર પોલીસે હર્ષવર્ધનની કસ્ટડી રિમાન્ડ માટે સ્થાનીક કોર્ટમાં અરજી કરી છે, ત્યારબાદ તેની પૂછપરછ કરવામાં આવશે. આરોપી પાસેથી સર્વોગા સહિત અન્ય નાના દેશોના ૧૨ ડિપ્લોમેટિક પાસપોર્ટ મળી આવ્યા છે.

### ઝાલાવાડમાં સ્કૂલની છત તૂટી પડવાની દુર્ઘટનાની અસર

# સમગ્ર દેશની સ્કૂલોમાં ફરજિયાત સુરક્ષા ઓડિટ કરવા કેન્દ્રનો નિર્દેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજસ્થાનના ઝાલાવાડમાં સ્કૂલની છત તૂટી પડતાં સાત વિદ્યાર્થીઓનાં મોત નીપજતા આખા દેશમાં હોબાળો મચી ગયો છે. આવા સમયે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્કૂલોમાં બાળકો માટે સુરક્ષા અને સુવિધાઓનું ફરજિયાત ઓડિટ હાથ ધરવા નિર્દેશ આપ્યા છે. બીજીબાજુ ઝાલાવાડની સ્કૂલમાં દુર્ઘટનામાં પોતાના બંને સંતાનોને ગુમાવનાર માતાના આક્રંદે આખા દેશને હચમચાવી દીધો છે. માતાએ કહ્યું તેના બંને બાળકો જતા રહ્યા, હવે આંગણું સુનું થઈ ગયું છે. રાજસ્થાનના ઝાલાવાડમાં સ્કૂલની છત તૂટી પડવાની દુર્ઘટનાના બીજા દિવસે કેન્દ્રીય કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યા છે કે, તેમણે વિદ્યાર્થીઓની સુરક્ષાની ખાતરી કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ, જેમાં રાષ્ટ્રીય સુરક્ષા નિયમો મુજબ સ્કૂલો અને બાળકો સંબંધિત સુવિધાઓમાં સુરક્ષા ઓડિટ કરવું, ઈમર્જન્સી સ્થિતિનો સામનો કરવા માટે કર્ચમારીઓ અને વિદ્યાર્થીઓને તાલિમ આપવી અને કાઉન્સેલિંગ મારફત માનસિક સહાય પૂરી પાડવી જેવા પગલાંઓનો સમાવેશ થાય છે.

દરમિયાન ઝાલાવાડના ગામમાં સ્કૂલની છત તૂટી પડતાં માર્યા ગયેલા સાત બાળકોમાં એક જ પરિવારના બે ભાઈ બહેન મીના અને કાન્હાનો સમાવેશ થાય છે. માતાએ કહ્યું, મારે તો બે જ બાળકો હતા. એક પુત્ર અને એક પુત્રી, બંને અકસ્માતમાં માર્યા ગયા. હવે ઘર સૂમસામ થઈ ગયું છે. ભગવાને મને જ ઉઠાવી લીધી હોત, બાળકોને બચાવી લીધા હોત... બંને સંતાનો ગુમાવનાર માતાના આક્રંદે આખા દેશને હચમચાવી દીધો છે. બીજીબાજુ ઝાલાવાડના પિપલોદી ગામમાં સરકારી સ્કૂલની દુર્ઘટનામાં અધિકારીઓની બેદરકારી સામે આવી છે. સ્કૂલની જર્જરિત હાલતથી ચિંતિત ગામવાસીઓએ અધિકારીઓ અને શિક્ષકોને સ્કૂલના સમારકામ માટે વિનંતી કરી હતી, પરંતુ તેમણે કોઈ ધ્યાન આપ્યું નહીં. ઉલટાનું અધિકારીઓએ ગામવાસીઓને તેમના સ્તર પર સમારકામ કરાવવા કહી દીધું હતું. જ્યારે શિક્ષકોએ કહ્યું કે ગામના દરેક પરિવાર ૨૦૦-૨૦૦ રૂપિયા આપે તો સ્કૂલની નવી છત કરાવડાવીએ. આ અકસ્માતથી ગુસ્સે ભરાયેલા ગામવાસીઓએ આક્ષેપ કર્યો કે, તેમણે સ્કૂલના રિપેરિંગ અંગે તહેસીલદાર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને વિનંતી કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહીં. ચાર વર્ષથી દરેક ચોમાસામાં છતમાંથી પાણી ટપકતું હતું.

### ટ્રમ્પે થાઈલેન્ડ અને કંબોડિયાને આપી ધમકી

# યુદ્ધ બંધ નહીં થાય તો વેપાર થશે બંધઃ ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્યસ્થી અંગે ફોન પર કંબોડિયા અને થાઈલેન્ડ સાથે વાત કરી છે. તેમણે કહ્યું કે આ યુદ્ધમાં ઘણા લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે, જેને બંધ કરવું જોઈએ. આ યુદ્ધ મને ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષની યાદ અપાવે છે, જેને સફળતાપૂર્વક રોકી દેવામાં આવ્યું હતું.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરતા ટ્રમ્પે કહ્યું કે મેં થાઈલેન્ડ સાથે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે કંબોડિયાના વડાપ્રધાન સાથે વાત કરી છે. આકસ્મિક રીતે અમે આ બંને દેશો સાથે વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છીએ, પરંતુ જો તેઓ યુદ્ધ ચાલુ રાખશે, તો અમે તેમાંથી કોઈ સાથે કોઈ કરાર કરવા માંગતા નથી અને મેં તેમને આ સ્પષ્ટપણે કહ્યું છે. કંબોડિયા સાથેની વાતચીત પૂરી થઈ ગઈ છે. હું આ જટિલ પરિસ્થિતિને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. ટ્રમ્પે કહ્યું, મેં હમણાં જ થાઈલેન્ડના કાર્યકારી વડાપ્રધાન સાથે વાત કરી છે અને તે ખૂબ જ સારી વાતચીત હતી. કંબોડિયાની જેમ થાઈલેન્ડ પણ તાત્કાલિક યુદ્ધવિરામ અને શાંતિ ઈચ્છે છે. હવે હું કંબોડિયાના વડાપ્રધાનને એ જ સંદેશ આપવા જઈ રહ્યો છું. બંને પક્ષો સાથે વાત કર્યા પછી એ સ્પષ્ટ થઈ ગયું છે કે યુદ્ધવિરામ, શાંતિ અને સમૃદ્ધિ એક કુદરતી માર્ગ છે. આવનારા સમયમાં આપણે બધું જોઈશું.

કંબોડિયા અને થાઈલેન્ડ, જે થોડા વર્ષો પહેલા સુધી મિત્રો હતા હવે એકબીજાના અસ્તિત્વને ભૂંસી નાખવા માટે તૈયાર છે. બંને દેશો વચ્ચે યુદ્ધ વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે. થાઈલેન્ડ ફાઈટર પ્લેન અને તોપોથી હુમલો કરી રહ્યું છે. તો કંબોડિયાએ લેન્ડમાઈન્સની એવી જાળ બિછાવી દીધી છે કે થાઈલેન્ડ ફક્ત હવાઈ હુમલા કરી શકે છે, પરંતુ સરહદમાં પ્રવેશી શકતું નથી.

અહેવાલો અનુસાર, કંબોડિયાએ રશિયન BM-21 રોકેટ સિસ્ટમનો ઉપયોગ કરીને થાઈલેન્ડને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

ઘણી તસવીરો વાયરલ થઈ રહી છે, જેમાં ૨૫ જુલાઈના રોજ ઓડાર્મિચે પ્રાંતમાં કંબોડિયન સૈનિકો ટ્રક પર BM-21 રોકેટ લોન્ચર લઈને જતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત, RM-70 મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમથી પણ હુમલા કરવામાં આવ્યા છે. થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચેના વિવાદનું કેન્દ્ર પીર વિહાર મંદિર છે. આ ૧૧૮ વર્ષ જૂનો વિવાદ છે. ૧૯૦૭માં થયેલા કરાર અને ૧૯૬૨માં આંતરરાષ્ટ્રીય અદાલતના નિર્ણય છતાં બંને દેશો મંદિર પર દાવો કરી રહ્યા છે. ૨૦૦૮માં યુનેસ્કો દ્વારા તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કર્યા પછી વિવાદ વધુ વકર્યો છે.

# ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસ પર માતોશ્રી પહોંચ્યા રાજ ઠાકરે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં દરરોજ કોઈને કોઈ ગતિવિધિ જોવા મળી રહી છે. આજે પણ કંઈક આવું જ બન્યું જ્યારે મનસેના વડા રાજ ઠાકરે તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરેને મળવા માટે મુંબઈના બાંદ્રા સ્થિત માતોશ્રી નિવાસસ્થાને પહોંચ્યા. આ ખાસ હતું કારણ કે તે ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસનો પ્રસંગ હતો, અને સવારથી જ રાજકીય વર્તુળોમાં આ મુલાકાત અંગે ગરમાગરમ ચર્ચા ચાલી રહી હતી. ખાસ વાત એ હતી કે રાજ ઠાકરે લગભગ ૧૩ વર્ષ પછી માતોશ્રી પહોંચ્યા છે.

આ પહેલા, તેઓ છેલ્લે ૨૦૧૨ માં ત્યાં ગયા હતા. રાજ ઠાકરે ૨૦૦૬ માં શિવસેનાથી અલગ થયા હતા અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ની રચના કરી હતી. ત્યારથી, બંને ભાઈઓ વચ્ચે રાજકીય અને વ્યક્તિગત મતભેદો સામે આવ્યા હતા. પરંતુ તાજેતરના કેટલાક ઘટનાક્રમથી આ અંતર ઘટાડવાનું શરૂ થયું છે. તાજેતરમાં, મહારાષ્ટ્ર સરકાર દ્વારા ધોરણ ૫ સુધી હિન્દીને ફરજિયાત બનાવવાના વિરોધમાં અને મરાઠી અસ્મિતાના નારા સાથે બંને નેતાઓ એક જ મંચ પર જોવા મળ્યા હતા. ૫ જુલાઈ, ૨૦૨૫ ના રોજ વરલીના NSCI ડોમ ખાતે યોજાયેલી "વિજય રેલી" માં રાજ અને ઉદ્ધવ ઠાકરે એકસાથે જોવા મળ્યા હતા, જેણે રાજકીય સમીકરણોને હલાવી દીધા હતા. આ રેલીમાં, બંને નેતાઓએ મરાઠી અસ્મિતા પર એકતા દર્શાવી હતી અને તેમના ભાષણોમાં મહારાષ્ટ્રની પ્રાથમિકતા પર પ્રકાશ પાડ્યો હતો. આ મંચ પર એક સાથે આવ્યા પછી, આજની બેઠકે એવી અટકળોને વધુ વેગ આપ્યો છે કે બંને ભાઈઓ આગામી BMC ચૂંટણીઓ સાથે લડી શકે છે. તમને જણાવી દઈએ કે ઉદ્ધવ ઠાકરેએ રેલીમાં કહ્યું હતું કે, "અનાજ આધારિત પંચાયતોએ અમારી વચ્ચેનું અંતર ઘટાડ્યું છે, અમે સાથે રહેવા માટે ભેગા થયા છીએ," જ્યારે રાજ ઠાકરેએ ઉમેર્યું હતું કે, "મહારાષ્ટ્ર કોઈપણ ઝઘડા કે વિવાદ કરતાં મોટું છે."

### પૂર્વ મંત્રી એકનાથ ખડસેના જમાઈ સહિતના ૫ ઝડપાયા

# પુણેમાં હાઈ પ્રોફાઈલ રેવ પાર્ટી પર પોલીસના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે

મહારાષ્ટ્રના પુણેમાં એક હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટી પર દરોડા પાડીને પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે, ધરપકડ કરાયેલા લોકોમાં પૂર્વ મંત્રી એકનાથ ખડસેના જમાઈનું નામ પણ સામે આવ્યું છે. પોલીસે ઘટનાસ્થળ પરથી ડ્રગ્સ, દારૂ અને હુક્કા જપ્ત કરી કાઢ્યા છે.

શનિવારે મોડી રાત્રે પુણેના ખારડી વિસ્તારમાં એક હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટી પર દરોડા પાડીને પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. ‘સ્ટે બર્ડ’ નામના ગેસ્ટ હાઉસમાં ચાલી રહેલી આ પાર્ટી દરમિયાન પોલીસે મોટી માત્રામાં ડ્રગ્સ, દારૂ અને હુક્કા જપ્ત કર્યા છે. ગુપ્ત માહિતીના આધારે પોલીસે આ કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ, જ્યારે પોલીસ ત્યાં પહોંચી ત્યારે બધા લોકો નશામાં ધૂત હતા.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં બે મહિલાઓ અને ત્રણ પુરુષોનો સમાવેશ થાય છે. ચોંકાવનારી વાત એ છે કે, આ કેસમાં એકનાથ ખડસેના જમાઈ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર જૂથ) મહિલા પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસેના પતિ પ્રાંજલ ખેવલકરનું નામ સામે આવ્યું છે. આ ઉપરાંત, મહિલા ધારાસભ્યના પતિ અને નામચિહ્ન સટ્ટાબાજ નિખિલ પોપટાણીનું નામ પણ સામે આવ્યું છે. આ ધરપકડ બાદ કાર્યવાહીએ રાજકીય મંડળોમાં હલચલ મચાવી દીધી છે.

પોલીસને ગુપ્ત માહિતી મળી હતી કે, રેડિસન હોટલની પાછળ એક ગેસ્ટ હાઉસમાં રેવ પાર્ટી ચાલી રહી છે. આ ગેસ્ટ હાઉસ બનસોડે નામના વ્યક્તિનું છે. માહિતીના આધારે, ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્યાં દરોડો પાડ્યો હતો. જણાવી દઈએ કે, તે સમયે ત્યાં મોટા અવાજે ડીજે વાગી રહ્યું હતું અને ત્યાં હાજર રહેલા લોકો નશાની હાલતમાં જોવા મળ્યા હતા. પોલીસે બધાને રંગેહાથ પકડી લીધા હતા. સ્થળ પરથી ડ્રગ્સ, દારૂ અને હુક્કા મળી આવ્યા છે.




# તંત્રી લેખ......

## જગદીપ ધનખડના રાજીનામાએ ભાજપનું ટેન્શન વધાર્યું

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામા બાદ શાસક પક્ષ ભાજપની મુશ્કેલીઓ વધી શકે છે. ભાજપ પોતાના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી મુદ્દે અસમંજસમાં મુકાઈ છે. ભાજપ પહેલાંથી જ આ સર્વોચ્ચ પદ માટે પોતાના વૈચારિક સંગઠન રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ (આરએસએસ)ની સાથે સહમતિ બનાવવાના પડકારનો સામનો કરી રહ્યું હતું, એવામાં ધનખડના રાજીનામા બાદ નવા ઉપરાષ્ટ્રપતિની નિમણૂક મુદ્દે વિચારણા કરવી પડશે. પરિણામે ભાજપ અધ્યક્ષની ચૂંટણી લંબાઈ શકે છે.

નવા પાર્ટી અધ્યક્ષ મુદ્દે ચર્ચાઓ ફરી બંધ થઈ છે. જેના લીધે અન્ય રાજ્યોના અધ્યક્ષોની પસંદગીનો મામલો પણ ખોરંભે ચડ્યો છે. હાલ ઉપરાષ્ટ્રપતિની પસંદગી પર ફોકસ હોવાથી પક્ષની સંગઠન ચૂંટણી પાછળ ઠેલવાઈ શકે તેવી અટકળો વહેતી થઈ છે.

હાલ ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. ત્યારબાદ પણ સંગઠનની ચૂંટણી પર કોઈ ખાસ કામગીરી જોવા મળશે નહીં કારણકે, બિહારમાં વિધાનસભા ચૂંટણીથી રાજકારણ ગરમાયું છે. વિપક્ષની મજબૂત રણનીતિના પગલે ભાજપ હાલ જેડીયુના નેતૃત્વ હેઠળ બિહાર ચૂંટણી પર ફોકસ કરી શકે છે. ઉલ્લેખનીય છે, ઉત્તર પ્રદેશ, ગુજરાત, કર્ણાટક જેવા મોટા રાજ્યોના અધ્યક્ષની ચૂંટણી પણ પેન્ડિંગ છે. જેથી આ રાજ્યોના પક્ષના કાર્યકરોએ હજી વધુ રાહ જોવી પડશે.

રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે જે દિગ્ગજ નેતાઓના નામ ચર્ચામાં છે, તેમાં ધર્મેન્દ્ર પ્રધાન (કેન્દ્રીય મંત્રી), શિવરાજસિંહ ચૌહાણ (કેબિનેટ મંત્રી), મનોહર લાલ ખટ્ટર (કેબિનેટ મંત્રી), ભુપેન્દ્ર યાદવ (કેબિનેટ મંત્રી) જેવા દિગ્ગજ સામેલ છે. જેમાંથી અમુક નામ સંગઠનાત્મક અનુભવના આધારે મજબૂત દાવેદાર છે. અમુક નામ રાજકીય પ્રતિનિધિત્વ અને સામાજિક સંતુલનને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવ્યા છે. ભાજપે અત્યારસુધી ૩૬માંથી ૨૮ રાજ્યોના નવા અધ્યક્ષની જાહેરાત કરી છે. મહત્ત્વપૂર્ણ રાજ્ય જેમ કે, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, હરિયાણા, અને ગુજરાતમાં હજી અધ્યક્ષની વરણી બાકી છે.

### ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયનાં ૩જા દીક્ષાંત સમારોહમાં ૧૯૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત

# છેલ્લા ૧૧ વર્ષમાં ભારતીય રેલવેમાં અભૂતપૂર્વ માળખાકીય પરિવર્તન: રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ

## જેટલી મજબૂત લોજિસ્ટીક, તેટલી જ મજબૂત સીમાઓ : સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ

**PIB Ahmedabad**

વડોદરા ખાતે ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયનો ત્રીજો પદવીદાન સમારોહ આજે યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

આ કાર્યક્રમને સંબોધિત કરતા સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહે કહ્યું હતું કે ભારત તેના માળખાગત સુવિધાઓ અને લોજીસ્ટિક્સ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પરિવર્તન જોઈ રહ્યું છે, જે દેશના આર્થિક વિકાસ માટે મજબૂત પાયો નાખે છે.

વધુમાં લોજિસ્ટિક્સ ક્ષેત્રને ૨૧મી સદીના ભારત માટે ગેમ ચેન્જર ગણાવતા મંત્રીએ કહ્યું કે આ ક્ષેત્રમાં યુવાનો માટે પુષ્કળ તકો છે અને તે વિકસિત ભારતના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે. શ્રી સિંહે વિકસિત ભારતનાં નિર્માણમાં યુવાઓને જવાબદારી લેવા હાકલ કરી હતી.

તેમણે લોજિસ્ટિક્સનાં મહત્વને સમજાવતા તેમણે જણાવ્યું હતું કે જેટલી મજબૂત લોજિસ્ટીક સેવાઓ, તેટલી જ મજબૂત આપણી સીમાઓ રહે છે. દેશના કોઈ એક ભાગમાં તૈયાર થતાં સંરક્ષણ ઉત્પાદનો કે સૈનિકો માટેની ખાદ્ય સામગ્રી આપણે સમયસર સીમા પર પહોંચાડીએ છીએ, ત્યારે સીમા પ્રહરીઓનું મનોબળ મજબૂત બને છે.

સરકારની પહેલો પર પ્રકાશ પાડતા, શ્રી સિંહે કહ્યું કે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ બનાવવા અને મિશન મોડ યોજનાઓના અમલીકરણ જેવી પહેલોથી લોજિસ્ટિક્સ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને ડેટા-આધારિત નિર્ણય લેવામાં પ્રોત્સાહન મળ્યું છે.

દીક્ષાંત સમારોહને સંબોધન કરતા કેન્દ્રીય રેલવે મંત્રી અને ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયનાં ચાન્સેલર શ્રી અશ્વિની વૈષ્ણવે છેલ્લા ૧૧ વર્ષમાં ભારતીય રેલવેમાં થયેલા પરિવર્તનકારી ફેરફારો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે માહિતી આપી કે એક વર્ષમાં જ રેલ નેટવર્કમાં ૫,૩૦૦ કિમીનું વિસ્તરણ થયું છે, જ્યારે ટનલ બાંધકામનો વ્યાપ ૩૬૮ કિમી સુધી પહોંચ્યો છે.

ઈતિહાસમાં અઢીસો વર્ષનાં સમયગાળાને બાદ કરતાં ભારત હમેશા વિશ્વનાં ટોચનાં અર્થતંત્રમાં રહ્યું છે. ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય જેવી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આપણે દરેક ક્ષેત્ર કેન્દ્રિત માનવ સંસાધનનાં નિર્માણ થકી ભારતને ફરી એકવાર ટોચનું અર્થતંત્ર બનાવવા પર તેમણે ભાર મૂક્યો હતો. ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય દ્વારા ૪૦ જેટલા વિવિધ ઔધોગિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. ભવિષ્યમાં મરીન એન્જિનિયરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઈન્ડસ્ટ્રીઝ સાથે સમજૂતી કરવાનું સૂચન પણ તેમણે આપ્યું હતું.

શ્રી વૈષ્ણવે સ્નાતક વિદ્યાર્થીઓને ભારતની વિકાસ યાત્રામાં યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કર્યા અને આ ક્ષેત્રમાં નવીનતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયને "વિકાસના એન્જિન" તરીકે ગણાવી હતી અને વિદ્યાર્થિઓને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનને ટેકો આપવાનો આગ્રહ કર્યો હતો.

દિક્ષાંત સમારોહમાં કુલ ૧૯૪ વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં ડિગ્રી પ્રાપ્ત થઈ છે. દરેક કોર્ષમાંથી એક વિદ્યાર્થીને શૈક્ષણિક શ્રેષ્ઠતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો, જ્યારે ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ અને શ્રેષ્ઠ વિદ્યાર્થી પુરસ્કારો પણ એનાયત કરવામાં આવ્યા હતા.

જીએસવીનાં વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ મનોજ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની છેલ્લા ત્રણ વર્ષની કામગીરી અંગેની માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં વડોદરાનાં સાંસદ ડૉ હેમાંગ જોશી, રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ, ભારતીય સેના અને રેલવેનાં ઉચ્ચ અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

વડોદરા પહોંચીને રેલવે મંત્રીએ એરપોર્ટ ખાતે સમીક્ષા બેઠક યોજી હતી અને ગુજરાતના વિવિધ રેલવે પ્રોજેક્ટસની કામગીરી અંગે માહિતી મેળવી હતી.

દીક્ષાંત સમારોહ પહેલા રેલવે મંત્રીએ અધિકારીઓ સાથે પ્રધાનમંત્રીની "મન કી બાત" કાર્યક્રમ સાંભળ્યો હતો અને સમારોહ પછી તેઓએ રેલવે મંત્રીએ વડોદરાના સાવલી ખાતે અલસ્ટોમ ફેક્ટરીની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે અલ્સ્ટોમની જાળવણી પ્રવૃત્તિઓની ખાસ સમીક્ષા કરી હતી. રેલવે મંત્રીએ ય્જીફ સાથે સહયોગમાં તાલીમ કાર્યક્રમ વિકસાવવા અંગે સૂચન કર્યું હતું.

### AMCની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલી

# અમદાવાદમાં જળબંબાકારથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં વરસી રહેલા મૂશળધાર વરસાદે શહેરને જળબંબાકાર કરી દીધું છે. હવામાન વિભાગ દ્વારા એક વાગ્યા સુધી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, જેના પગલે શહેરના મોટાભાગના વિસ્તારોમાં જળકર્ફ્યૂ જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને મણિનગર, જશોદાનગર, દાણીલીમડા, નારોલ, અને ખોખરા જેવા વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની પ્રિ-મોન્સૂન કામગીરીનો વધુ એક વખત ધબડકો થયો હોવાનું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે.

અમદાવાદમાં વરસાદી આંકડા અને પ્રભાવિત વિસ્તારો

છેલ્લા કેટલાક કલાકોમાં અમદાવાદ શહેરમાં સરેરાશ ૧ થી ૨.૨૫ ઈંચ વરસાદ નોંધાયો છે, જેણે શહેરને પાણી-પાણી કરી દીધું છે.

પૂર્વ ઝોન: સરેરાશ ૧.૮૩ ઈંચ વરસાદ
ઉત્તર ઝોન: સરેરાશ ૨.૫ ઈંચ વરસાદ
દક્ષિણ ઝોન: સરેરાશ ૧.૨૫ ઈંચ વરસાદ
રામોલ, ગોમતીપુર, રખિયાલ, મણિનગર: ૨ ઈંચ વરસાદ
ખોખરા: ૧.૫ ઈંચ વરસાદ
સરખેજ, જુહાપુરા: ૧.૫ ઈંચ વરસાદ
જોધપુર, સેટેલાઈટ, પ્રહલાદનગર, આનંદનગર, વાસણા, પાલડી: ૧ થી ૧.૨૫ ઈંચ વરસાદ

જળબંબાકારથી પ્રભાવિત મુખ્ય વિસ્તારો: મણિનગર, જશોદાનગર, દાણીલીમડા, લાંભા, નારોલ, ખોખરા, પાલડી, આનંદનગર, વેજલપુર, જીવરાજ પાર્ક, શાહઆલમ, નિકોલ, નરોડા, સરસપુર, રખિયાલ, અજીતમિલ, ઓઢવ, વટવા, વસ્ત્રાલ, અસલાલી, મકરબા, ઠક્કરનગર, બાપુનગર, હાટકેશ્વર, CTM, ઘોડાસર, ઇસનપુર, થલતેજ, ગોતા, શીલજ, શેલા, સાયન્સ સિટી, મોટેરા, સાબરમતી, જગતપુર.

આ તમામ વિસ્તારોમાં માર્ગો પર ગોઠણસમા પાણી ભરાઈ ગયા છે, અનેક દુકાનોમાં પાણી ઘૂસી ગયા છે, અને સોસાયટીઓમાં પણ ઘૂંટણસમા પાણી ભરાતા ઘરવખરીને મોટું નુકસાન થયું છે.અમદાવાદ મહાનગર પાલિકાના પ્રિ-મોન્સૂન પ્લાન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં શહેરના અનેક વિસ્તારોમાં માત્ર ૩ થી ૪ ઈંચ વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

વરસાદ રોકાયા પછી પણ પાણીના નિકાલમાં વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે વેપારીઓને મોટું નુકસાન થયું છે અને લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ગટર બેક મારવાની સમસ્યા: દાણીલીમડા સહિત અનેક વિસ્તારોમાં ગટરના પાણી બેક મારવાની શરૂઆત થઈ, જે સ્વચ્છતા અને આરોગ્ય માટે જોખમી છે.

**AMTS/BRTS** ખોટકાઈ: બસો બંધ પડતા મુસાફરો અટવાયા. **BRTS** કોરિડોર નહેરમાં ફેરવાયો.

હાઈવે પર પાણી : અમદાવાદ-વડોદરા જુના હાઈવે પર, ખાસ કરીને અસલાલીથી વડોદરા હાઈવે સુધી, પાણી ભરાયા છે, જેનાથી વાહનવ્યવહારને અસર થઈ છે. અમદાવાદ ઉપરાંત, રાજ્યના અન્ય નવ જિલ્લાઓમાં પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પાટણ, સિદ્ધપુર, અને વડગામમાં પણ જળબંબાકારની સ્થિતિ છે, જેમાં વડગામમાં આભ ફાટવા જેવો વરસાદ નોંધાયો છે. બનાસકાંઠામાં કોઝવે પર પાણી ફરી વળ્યા છે અને ધાનેરાના રવિયાથી અનાપુર જવાના માર્ગ પર પાણી ભરાતા ૨૫ ગામોનો વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે.

### દુર્ઘટનામાં ૫ વર્ષની માસૂમ બાળકીનું ઘટનાસ્થળે મોત

# એક નબીરાએ ફૂલ સ્પીડમાં BMW કાર ચલાવીને સ્કૂટીને જોરદાર ટક્કર મારી

### આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

નોઈડાના સેક્ટર-૩૦માં શનિવારે મોડી રાત્રે એક હચમચાવી નાખે તેવી ઘટના બની છે, જેમાં એક નબીરાએ ફૂલ સ્પીડમાં BMW કાર ચલાવીને સ્કૂટીને જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં ૫ વર્ષની માસૂમ બાળકીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બાળકીના પિતા ગુલ મોહમ્મદ અને રાજા નામના યુવકને ગંભીર ઈજા થઈ છે. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ગુલ મોહમ્મદ, જે નોઈડાના સેક્ટર-૪૫ના રહેવાસી છે, તેમની ૫ વર્ષની દીકરી આયત શનિવારે રાત્રે અચાનક બીમાર પડી હતી. તેને તાત્કાલિક સારવાર માટે સેક્ટર-૩૦માં આવેલી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાઈલ્ડ હેલ્થ હોસ્પિટલ લઈ જવા માટે ગુલ મોહમ્મદ તેમના સાળા રાજા સાથે સ્કૂટી પર નીકળ્યા હતા. પરંતુ, રસ્તામાં સેક્ટર-૩૦ ખાતે પાછળથી આવતી એક ઝડપી મ્સ્ઉ કારે તેમની સ્કૂટીને જોરદાર ટક્કર મારી હતી.

આ ટક્કર એટલી ભયંકર હતી કે નાનકડી આયતનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ગુલ મોહમ્મદ અને રાજાને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બંનેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત નાજુક જણાવવામાં આવી રહી છે.

પોલીસે આ ઘટનામાં સામેલ BMW કાર જપ્ત કરી લીધી છે અને બે આરોપીઓ યશ શર્મા (સેક્ટર-૩૭નો રહેવાસી) અને અભિષેક રાવત (સેક્ટર-૭૦નો રહેવાસી)ની ધરપકડ કરી છે. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાવ્યો છે. લોકો નબીરાઓ દ્વારા બેફામ વાહન ચલાવવાની વધતી ઘટનાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર રસ્તા સલામતી અને જવાબદાર ડ્રાઈવિંગની જરૂરિયાત પર પ્રશ્નો ઉભા કર્યા છે.

નોઈડા પોલીસે આ મામલે તાત્કાલિક પગલાં લીધાં છે. આરોપીઓની ધરપકડ ઉપરાંત, BMW કાર જપ્ત કરવામાં આવી છે અને આગળની તપાસ ચાલુ કરવામાં આવી છે.

પોલીસે જણાવ્યું છે કે આરોપીઓ વિરુદ્ધ બેદરકારીભર્યું વાહન ચલાવવા અને મોતનું કારણ બનવાના આરોપો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## મણિપુરમાં ૯૦ હથિયારો અને ૭૦૦ વિસ્ફોટક સામગ્રી જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈમ્ફાલ

મણિપુરમાં પાંચ જિલ્લાઓમાં સુરક્ષાદળોએ મોટાપાયે તપાસ અભિયાન ચલાવ્યું હતું. જે દરમિયાન આશરે ૯૦ જેટલા હથિયારો, ૭૦૦ વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી.મણિપુર પોલીસ, સીઆરપીએફ, બીએસએફ, સૈન્ય અને આસામ રાઈફલ્સ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, મણિપુરના પૂર્વ-પશ્ચિમ ઈમ્ફાલ, તૌબલ, કેકચિંગ, બિષ્નુપુર જિલ્લામાં દરોડા દરમિયાન ૯૦ હથિયારો મળ્યા હતા. જેમાં ત્રણ એકે સીરીઝ, એક એમ૧૬ રાઈફલ, પાંચ ઈન્સાસ રાઈફલ્સ, ૨૦ પિસ્તોલ વગેરેને જપ્ત કરવામાં આવ્યા હતા. હથિયારો ઉપરાંત ઘાતક વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરાઈ છે જેમાં ૭૨૮ વિસ્ફોટકો, ૨૧ ગ્રેનેડ્સ, ૭ આઈઈડીનો સમાવેશ થાય છે.

### દિગ્ગજ મહિલા નેતા સુપ્રિયા સુલેનો મોટો દાવો

# ૧૪૦૦૦ પુરુષોએ લાડકી બહિન યોજના હેઠળ ૨૧ કરોડ મેળવ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે

એનસીપી (SP)ના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ મુખ્યમંત્રી માઝી લાડકી બહિન યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ મૂક્યો છે. તેમણે દાવો કર્યો છે કે, સ્કીમ હેઠળ લગભગ ૧૪,૦૦૦ પુરુષોને લાભ મળ્યો છે. સુલેએ આ મામલે સીબીઆઈ તપાસની માગ કરી છે. સુપ્રિયા સુલેના દાવા બાદ નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પ્રતિક્રિયા આપી છે કે, જો કોઈ આ પ્રકારનો લાભાર્થી મળી આવ્યો તો, તેની પાસેથી પૈસા વસૂલવામાં આવશે. મીડિયા રિપોર્ટના આધારે સુપ્રિયા સુલેએ દાવો કર્યો હતો કે, ઓગસ્ટ, ૨૦૨૪માં શરૂ થયેલી લાડકી બહિન યોજનાના લાભાર્થીઓની યાદીમાં આશરે ૧૪,૦૦૦ પુરુષ સામેલ છે. જેમને રૂ. ૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. પુણેમાં પ્રેસ કોન્ફરન્સમાં સુલેએ જણાવ્યું હતું કે, તપાસ થવી જોઈએ કે, યોજનાનો લાભ લેનારા પુરૂષોના નામ કોણે દાખલ કર્યા. સરકાર નાના-નાના આરોપોમાં પણ સીબીઆઈ-ઈડી તપાસ કરાવે છે. તો આ મામલે પણ સીબીઆઈ તપાસની જાહેરાત થઈ જોઈએ. જેથી પુરાવો મળે કે, કયાં કોન્ટ્રાક્ટરે આ પુરૂષોના નામ યાદીમાં સામેલ કર્યા છે. રાજ્યમાં શાસક ગઠબંધન સરકારે આ મામલે ઝડપથી કાર્યવાહી હાથ ધરવી જોઈએ. રાજ્યમાં નાણાકીય બાબતો સંભાળતાં અજિત પવારે જણાવ્યું કે, કોઈપણ પુરૂષને લાભાર્થીઓની યાદીમાં સામેલ કરવામાં આવે જ નહીં. જો કોઈ પુરૂષ સામેલ હશે તો અમે તેના તરફથી લેવામાં આવેલો તમામ લાભ પરત વસૂલીશું. જો તે સહયોગ નહીં કરે તો, તેની વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરીશું. લાડકી બહિન યોજના વિશેષ રૂપે આર્થિક રૂપે નબળા વર્ગની મહિલાઓ માટે છે. યોજનાના લાભાર્થીઓની તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ યોજનામાં અમુક એવી મહિલાઓ સામેલ હતી, જે નોકરી કરતી હોવા છતાં લાભ લઈ રહી હતી. તેમના નામ દૂર કરવામાં આવ્યા છે.મહારાષ્ટ્રના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ સોશિયલ મીડિયા X પર જણાવ્યું હતું કે, આઈટી વિભાગના ડેટા અનુસાર, લાડકી બહિન યોજનાના ૨૬.૩૪ લાખ લાભાર્થીઓ વાસ્તવમાં આ યોજનાના પાત્ર ન હતાં.અમુક કિસ્સામાં પુરૂષોએ અરજી કરી હતી. તેમનો લાભ અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરના રિપોર્ટના આધારે પાત્ર લોકોને લાભ આપવાનું શરૂ કરાશે.

# સ્ટેટ ઈમરજન્સી કંટ્રોલરૂમની મુખ્યમંત્રીએ લીધી મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતભરમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. ત્યારે રાજ્યભરમાં વરસાદની સ્થિતિ અંગે ઝસ્એ માહિતી મેળવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી કંટ્રોલરૂમની મુલાકાત લીધી છે.

રાજ્યમાં વરસાદની પરિસ્થિતિ અંગે તાગ મેળવ્યો છે. સુરેન્દ્રનગર, પાટણ, અરવલ્લી, મહેસાણાના કલેક્ટર સાથે કરી ટેલીફોનિક વાતચીત કરી સ્થિતિ અંગે માહિતી મેળવી છે. બનાસકાંઠા, સાબરકાંઠા અને ખેડાના કલેકટર સાથે ટેલીફોનિક વાતચીત કરી છે. આ ઉપરાંત તમામ જિલ્લાના કલેકટરને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. બીજી તરફ અમદાવાદમાં આજે સવારે પણ ધોધમાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને પગલે પૂર્વના અનેક વિસ્તારો પાણી-પાણી થઈ ગયા.

### મુશળધાર વરસતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર

# ઉત્તરમાં અનરાધાર વરસાદે બનાસકાંઠાના હાલ કર્યા બેહાલ

## જિલ્લામાં નદી,નાળા છલકાયા : રોડ-રસ્તા અને હાઈવે પર પાણીએ જમાવ્યું સામ્રાજ્ય: ખેતરો બેટ બની ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં મોડી રાતથી મેઘરાજા મુશળધાર વરસતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર સ્થતિ સર્જાઈ છે. વડગામ પંથકમાં ૯ ઈંચ જેટલો વરસાદથી અનેક ગામ જળબંબાકાર થયા છે, પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. તો ખેતરો બેટમાં ફેરવાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. બનાસકાંઠાના હાઈવે પણ પાણી પાણી થતા ગાડીઓના પૈડા થંભી ગયા છે. બનાસકાંઠામાં મોડી રાતથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. ક્યાંક ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેને લઈને જિલ્લાના અનેક પંથકોના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. તો વડગામમાં પડેલ ૯ ઈંચ અને પાલનપુરમાં ખાબકેલા ૨.૫ ઈંચ વરસાદના કારણે પાલનપુર - અમદાવાદ હાઈવે ઉપર ઠેરઠેર વરસાદી પાણી ભરાયા છે. પાલનપુરના કાણોદર નજીક પાલનપુર-અમદાવાદ હાઈવે ઉપર ઢીંચણસમાં પાણી ભરાઈ જતા વાહન ચાલકો અટવાયા છે. અનેક નાના વાહનો પાણીમાં ફસાઈને બંધ પડી જતા વાહન ચાલકો અટવાયા છે. તો હાઈવેની બંને સાઈડ ઢીંચણસમાં પાણી ભરાઈ જતા મોટા વાહનો ધીમી ગતિએ પસાર થઈ રહ્યા છે. તો નાના વાહનો પાણીમાં પસાર થવાનું ટાળી રહ્યાં છે. જોકે હાઈવે ઉપર પાણી ભરાઈ જતા ટ્રાફિકજામ સર્જાતા વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે.

વડગામમાં રાત્રિથી અત્યાર સુધી ૯.૫ ઈંચ જેટલો વરસાદ જોવા મળ્યો. વડગામ તાલુકાના અનેક ગામો જળબંબાકાર થયા છે. પસવાદળ - તેનીવાડા રેલ્વે અંડર બ્રિજ પાણીમાં ગરકાવ થયા છે. અંડર બ્રિજમાં પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર બંધ કરાયો છે.

વડગામ પંથકમાં ૯ ઈંચ વરસાદથી આખો પંથક પાણી-પાણી થયો છે. ખેરાલુ વડગામ હાઈવે ઉપર પાણી ભરાયા છે. પીલુચા નજીક હાઈવે ઉપર પાણી ભરાયા છે. મુખ્ય માર્ગ ઉપર પાણી ભરાતા વાહન ચાલકો રાહદારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. નાના વાહન ચાલકો માટે રસ્તો બંધ કરાયો છે. હાલ પાણી થોડા ઓછા થતા વાહન ચાલકોને ડાયવર્ઝન અપાયું છે. નેશનલ હાઈવે ઉપર પાણી નિકાલ માટેની કોઈ વ્યવસ્થા નથી. વડગામથી ખેરાલુ અને હિંમતનગરને જોડતો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થતા અનેક લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. વડગામમાં ધોધમાર વરસાદ વરસતા છાપી હાઈવે ઉપર પાણી ભરાયા છે. અમદાવાદ-પાલનપુર હાઈવે ઉપર મોટાપ્રમાણમાં પાણી ભરાઈ જતા વાહન ચાલકો અટવાયા છે. ૫ કિલોમીટરથી વધુનો ટ્રાફિકજામ થતા અનેક વાહન ચાલકો અટવાયા છે.

વડગામ પંથકમાં ૯ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ઠેરઠેર પાણી ભરાયા છે. અનેક ગામડાઓને જોડતા રસ્તાઓ બંધ થયા છે તો અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે.

તો વડગામ પંથકમાં ભારે વરસાદના કારણે અનેક ખેતરો બેટમાં ફેરવાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેતરો જળબંબાકાર થઈ જતા ખેતરોમાં વાવેતર કરેલ મગફળી, બાજરી સહિતનો પાક પાણીમાં ગરકાવ થઈ જતા ખેડૂતોને મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. જેથી ખેડૂતો સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે.

વડગામ પંથકમાં ખેતરો બેટમાં ફેરવાયા છે ખેડૂતોને મોટું નુકસાન પહોંચ્યું છે.ખેડૂત શંકર પ્રજાપતિએ જણાવ્યું કે, ખેતરમાં પાણી ભરાઈ જતા પાક ડૂબી ગયો છે. તો અન્ય ખેડૂત પ્રકાશસિંહ દેવડાએ કહ્યું કે, મગફળી, બાજરીનો પાક પાણીમાં ગરકાવ થયો છે કઈ બચે તેમ નથી સરકાર વળતર ચૂકવે.

થરાદ પંથકમાં સામાન્ય વરસાદમાં જ ભારતમાલાના સર્વિસ રોડ ઉપર પાણી ભરાયા છે. માંગરોળ નજીક રામપુરા ચોકડી સર્વિસ રોડ ઉપર વરસાદી પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સામાન્ય વરસાદમાં જ સર્વિસ રોડ ઉપર પાણી ફરી વળતાં નાના વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. દર વર્ષે સર્વિસ રોડ ઉપર પાણી ભરાતા સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગટરની યોગ્ય વ્યવસ્થા કરી પાણી નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.

દાંતીવાડાના સાતસણ ગામે ચેકડેમ ઓવર ફ્લો થતાં એક પરિવાર ફસાયો હતો. ભુરાબાવાની કુટિયા નજીક ચેકડેમ ઓવર ફ્લો થતાં પરિવારના સાત સભ્યો ખેતરમાં ફસાયા હતા. આજુબાજુ વરસાદી પાણી અને ચેકડેમનું પાણી ફરી વળતા ખેતરમાંથી પરિવારને નીકળવું મુશ્કેલ બન્યું હતું.

સ્થાનિક લોકોએ મામલતદાર સહિત સરપંચને જાણ કરી. ધાનેરાના શેરા પ્રાથમિક શાળામાં પાણી ભરાયા છે. પ્રાથમિક શાળાના પટાંગણ અને ઓરડાઓ આગળથી ધસમસતો પાણીનો પ્રવાહ નીકળી રહ્યો છે. દર વર્ષે ખેતરોના પાણી સ્કૂલમાં ઘૂસી જતા વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યાં છે. શાળાના પાછળના ભાગે એક તરફ દિવાલ ન હોવાથી ખેતરોના પાણી શાળામાં ઘૂસી રહ્યાં છે. આજે રવિવાર હોવાથી વિદ્યાર્થીઓને રાહત પરંતુ સ્કૂલમાં પાણી ઘૂસી જતા ગ્રામજનો અને વાલીઓ દર વર્ષે મુશ્કેલીમાં મુકાય છે.

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે રોડ રસ્તાઓ સહિત અનેક માર્ગો બંધ તયા છે. ધાનેરાના રવિયાથી અનાપુર જવાના માર્ગ ઉપર વરસાદી પાણી ફરી વળ્યા. રવિયા નજીક કોઝવે ઉપર પાણી ફરી મળતા ૨૫ ગામનો વાહન વ્યવહાર ઠપ થયો છે. પશુપાલકો સ્થાનિક લોકો વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. પશુપાલકો પોતાનું દૂધ ભરાવવું પણ મુશ્કેલ બન્યું છે.

અનાપુર, માંડલ, કુંડી,વાસડા, ડેટા, ઋણી, નેગાળા, ગોળીયા સહિત ૨૦ થી વધુ ગામડાઓ અને રાજસ્થાનનો સંપર્ક તૂટ્યો છે. ધાનેરા પંથકમાં ત્રણ ઈંચથી વધુ વરસાદથી અનેક માર્ગો બંધ હાલતમાં છે.

## મેરઠમાં લિફ્ટમાં ગળું ફસાતા સ્પોર્ટ્સ વેપારીનું દર્દનાક મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મેરઠ

ઉત્તર પ્રદેશના મેરઠના સૂરજકુંડ વિસ્તારમાં શનિવારે સાંજે એક દર્દનાક દુર્ઘટનામાં ઈન્ડિયન સ્પોર્ટ્સ કંપનીના માલિક હરવિંદર સિંહ ઉર્ફે પિન્ટુનું મોત થઈ ગયુ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે હરવિંદર સિંહ પોતાની ફેક્ટરીના ફર્સ્ટ ફ્લોર પરથી સેકન્ડ ફ્લોર પર જઈ રહ્યા હતા, ત્યારે તેમનું ગળું ખુલ્લી લિફ્ટમાં ફસાઈ ગયું. તેમના પરિવારના સભ્યો તેમને ગંભીર રીતે ઘાયલ હાલતમાં તાત્કાલિક પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. બીજી તરફ આ દુર્ઘટનાથી ઘટનાસ્થળ પર અફરા-તફરી મચી ગઈ હતી. ઘટનાસ્થળ પર હાજર એક કર્મચારી સુરેન્દ્ર સિંહે જણાવ્યું કે, જ્યારે આ દુર્ઘટના ઘટી ત્યારે હું ત્યાં જ હાજર હતો. સાંજે બધાનો ઘરે જવાનો સમય થયો હતો, ત્યારે હરવિંદર સિંહ ફર્સ્ટ ફ્લોર પરથી સેકન્ડ ફ્લોર પર જવા લાગ્યા, ત્યારે અચાનક લિફ્ટ બંધ થઈ ગઈ.


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ભારત રેલવેના ઉપકરણોનો મોટો નિકાસકાર બની રહ્યું છે




શ્રી અશ્વિની વૈષ્ણવ, માનનીય કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી એ આજે મંત્રીએ આજે ગુજરાતના વડોદરામાં સાવલી ખાતે સ્થિત અલ્સ્ટોમ ફેક્ટરીની પણ મુલાકાત લીધી હતી.

મંત્રીશ્રીની સાથે વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી, સાવલીના ધારાસભ્ય શ્રી કેતન ઈનામદાર, પશ્ચિમ રેલવે અને સેન્ટ્રલ રેલવે ના જનરલ મેનેજર, વડોદરા અને અમદાવાદના ડિવિઝનલ રેલવે મેનેજર અને અન્ય સિનિયર રેલવે અધિકારીઓ હતા.

નમો ભારત કોચિઝનું ઉત્પાદન : રેલવે મંત્રીશ્રીને અલ્સ્ટોમની ફેક્ટરીમાં કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓએ યુનિટમાં ચાલી રહેલા વિવિધ કાર્યો વિશે માહિતી આપી હતી. મંત્રીશ્રીએ અત્યાધુનિક ટેકનોલોજી સાથે ઉત્પાદિત 'નમો ભારત' કોચની આધુનિક ડિઝાઈન અને બિલ્ડ ગુણવત્તાની પ્રશંસા કરી.

(રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી સાવલી ફેક્ટરીમાં ઉત્પાદિત 'નમો ભારત' કોચ અંગે અલ્સ્ટોમના અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યા છે)

સર્વગ્રાહી જાળવણી પ્રવૃત્તિઓ:

અલ્સ્ટોમ ટીમે મંત્રીને જાળવણી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી, જેમાં સામગ્રીનો ઉપયોગ અને સપ્લાયર એકીકરણનો સમાવેશ થાય છે. . ચર્ચાઓમાં સેન્સર અને AI નો ઉપયોગ કરીને નિવારક જાળવણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ

રેલવે મંત્રીશ્રીને દરેક ઓર્ડર સાથે સાધનોની ડિઝાઈનને સતત અપગ્રેડ કરવાના કંપનીના નવીન અભિગમથી વાકેફ કરવામાં આવ્યા. મંત્રીએ અલ્સ્ટોમને તેના 'ડિઝાઈન ઈન ઈન્ડિયા' રેલવે ઉપકરણો માટે અભિનંદન આપ્યા.

ફેક્ટરીમાં ઉત્પાદિત કોચ, લોકોમોટિવ, બોગી, પ્રોપલ્શન સિસ્ટમ વગેરેની વિશ્વભરમાં નિકાસ કરવામાં આવે છે. આ રેલવે ઉપકરણો 'ડિઝાઈન, ડેવલપ, ડિલિવર ફ્રોમ ઈન્ડિયા ટુ ધ વર્લ્ડ ઈનિશિયેટિવ' ના ભાગ રૂપે ઓસ્ટ્રેલિયા, યુકે, ફ્રાન્સ, જર્મની, કેનેડા, મેક્સિકો અને અન્ય દેશોમાં પહોંચી રહ્યા છે.

"ભારતમાં રેલવે ઉત્પાદન પણ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આપવામાં આવેલા 'મેક, ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' વિઝનની અસર જોઈ રહ્યું છે. ભારત હવે વિશ્વના ઘણા વિકસિત દેશોમાં રેલ્વેના ઘટકો, કોચ અને લોકોમોટિવ્સની નિકાસ કરી રહ્યું છે", એમ રેલવે મંત્રીશ્રીએ મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની સફળતા પર જણાવ્યું.

સાવલી ફેક્ટરીએ વડોદરા ક્ષેત્રના અર્થતંત્રને વેગ આપ્યો છે, સ્થાનિક યુવાનો માટે રોજગારીનું સર્જન કર્યું છે અને પ્રદેશનો સર્વાંગી વિકાસ કર્યો છે.

ભારતમાં, વિશ્વ માટે પ્રતિભા વિકાસ

મંત્રીશ્રીને ભારતમાં અલ્સ્ટોમ દ્વારા હાથ ધરવામાં આવતી પ્રતિભા વિકાસ પ્રવૃત્તિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. જણાવવામાં આવ્યું હતું કે અલ્સ્ટોમ પાસે ભારતમાં રોલિંગ સ્ટોક અને સિગ્નલિંગ સિસ્ટમ બંને સહિત લગભગ ૭,૦૦૦ એન્જિનિયરો છે. આમાંથી, લગભગ ૩૦૦ એન્જિનિયરો આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં રોકાયેલા છે.

મંત્રીશ્રીએ અલ્સ્ટોમના તાલીમ કાર્યક્રમોમાં રસ દર્શાવ્યો અને ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય સાથે સહયોગનું સૂચન કર્યું. તેમણે અલ્સ્ટોમ, સાવલી અને પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ વચ્ચે હાલની તાલીમ ભાગીદારીની પ્રશંસા કરી.

મંત્રીશ્રીએ અલ્સ્ટોમ ટીમને ભારતીય રેલ્વે માટે મોટા પાયે કેમ્પસની બહાર અને સ્થળ પર તાલીમ કાર્યક્રમો તૈયાર કરવા વિનંતી કરી. તેમણે રેલવે અધિકારીઓ અને તેમની ટીમોને આ વર્કશોપમાં સક્રિય ભાગીદારી માટે પણ પ્રોત્સાહિત કર્યા.

# વડોદરા મંડળે ડિજિટલ ક્રાંતિમાં રચ્યો નવો ઈતિહાસ

ડિજિટલ ઈન્ડિયા અભિયાન હેઠળ ભારતીય રેલવે દ્વારા ડિજિટલ લેવડ-દેવડને પ્રોત્સાહન આપવાના કરવામાં આવી રહેલા પ્રયાસો હેઠળ વડોદરા રેલવે મંડળે એક નવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે. મંડળના પીઆરએસ (Passenger Reservation System) કાઉન્ટરો પર ડિજિટલ માધ્યમોથી ટિકિટ બુકિંગમાં ઉલ્લેખનીય વૃદ્ધિ નોંધવામાં આવી છે.

ફક્ત ત્રણ મહીનાની અંદર પીઆરએસ ડિજિટલ બુકિંગની સરેરાશ ૧૬.૧૭% થી વધીને ૬૧.૮૮% થઈ ગઈ છે, જે યાત્રીઓની બદલાતી પ્રાથમિકતાઓ અને મંડળ દ્વારા કરવામાં આવતા ડિજિટલ સુવિધાઓના પ્રચાર-પ્રસારના પ્રત્યક્ષ પરિણામ છે. મંડળના સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર શ્રી નરેન્દ્ર કુમારે જણાવ્યું કે આ ઉપલબ્ધિ યાત્રીઓને ડિજિટલ ચુકવણી પ્રત્યે પ્રોત્સાહિત કરવાના અવિરત કરવામાં આવેલા પ્રયત્નો, જાગૃતિ અભિયાનો અને કર્મચારીઓની પ્રતિબદ્ધતાના પરિણામ છે. યાત્રી હવે યૂપીઆઈ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ જેવા સુરક્ષિત અને ઝડપી ડિજિટલ વિકલ્પોને પ્રાથમિકતા આપી રહ્યા છે, જેનાથી ટિકિટીંગ પ્રક્રિયા ફક્ત વધુ પારદર્શક જ નથી થઈ રહી, પરંતુ સમયની બચત પણ થઈ રહી છે.

ભારતીય રેલવે દ્વારા ડિજિટલ માધ્યમોને અપનાવવા માટેના જાગૃતિ અભિયાન અને જરૂરી ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસિત કરવાની દિશામાં કરવામાં આવી રહેલા પ્રયત્નોથી યાત્રીઓને ઉત્તમ, સુવિધાજનક અને કુશળ સેવાઓ પ્રાપ્ત થઈ રહી છે.

# વિલાસપુર ડિવિઝનમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો હોવાથી ૨૭ ઓગસ્ટની પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ ટ્રેન રદ કરવામાં આવી છે

દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના વિલાસપુર ડિવિઝનના રાયગઢ-ઝારસુગુડા સેક્શનમાં ચોથી લાઈનને કનેક્ટિવિટી પૂરી પાડવા સંબંધિત કામ માટે બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોકને કારણે, ભાવનગર ડિવિઝનના પોરબંદર સ્ટેશનથી ચાલતી પોરબંદર-શાલીમાર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ રદ રહેશે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્ત ટ્રેનની વિગતવાર વિગતો નીચે મુજબ છે:

રદ કરાયેલી ટ્રેનો (Cancelled Trains)

- ટ્રેન નંબર ૧૨૯૦૫ પોરબંદર-શાલીમાર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ ૨૭.૦૮.૨૦૨૫ ના રોજ રદ (Cancel) રહેશે.
- ટ્રેન નંબર ૧૨૯૦૬ શાલીમાર-પોરબંદર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ ૨૯.૦૮.૨૦૨૫ ના રોજ રદ રહેશે.

ઉપરોક્ત ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ગુજરાતના એક પીઆઈ કે જેના એક જ દિવસમાં બદલીના બબ્બે ઓર્ડર થયા

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતના ડીજીપી વિકાસ સહાય દ્વારા પીઆઈ નો એક સીંગલ બદલી ઓર્ડર કરતા જ પોલીસ વિભાગમાં અનેક ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. સુરત મીસીંગ સેલમાં રહેલા પીઆઈ યુવરાજસિંહ વાઘેલા સુરત થી અમદાવાદ બદલીનો ઓર્ડર સામે આવતા અનેક પીઆઈ ચર્ચા કરી રહ્યા છે કે એક સીંગલ ઓર્ડર કેવી રીતે થયો કારણ કે રાજયના ડીજીપી આ રીતે સીંગલ ઓર્ડર કોઈનો કરતા નથી.

પરંતુ પીઆઈ યુવરાજસિંહ વાઘેલા ગુજરાતના મુખ્ય એક નેતાને પોતાની ભલામણ કરતા આ સીંગલ ઓર્ડર થયો હોવાની ચર્ચા ચાલી રહી છે. અગાઉ પીઆઈ યુવરાજસિંહ વાઘેલા ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચુકયા છે ત્યારે વિસ્તારના અગાઉના ધારાસભ્ય હોવાથી તેમને સારો પરીચય હોવાથી બદલીની સીધી જ ભલામણ કરી હોવાની ચર્ચા ચાલી રહી છે. ૨૦૦૮ ની બેન્ચના પીઆઈ યુવરાજસિંહ વાઘેલા સુરતમાં બદલી થયા બાદ દોઢ વરસ સુધી સાઈડ પોસ્ટીંગ હોવાથી અમદાવાદ બદલી કરીને આવ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. જો કે પીઆઈ યુવરાજસિંહ ની સુરત થી અમદાવાદમાં બદલી ઓર્ડર થયા બાદ સુરતના પોલીસ કમિશ્નર દ્વારા પીઆઈ યુવરાજસિંહ ને મીસીંગ સેલમાંથી મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં બદલીનો ઓર્ડર કર્યો હતો. જે જિલ્લા બદલીનો ઓર્ડર મળ્યો ન હોવાથી બબ્બે ઓર્ડર થયા હોવાનુ બહાર આવ્યુ છે. જેમાં ચર્ચા એવી પણ ચાલી રહી હતી કે પીઆઈ યુવરાજસિંહે અમદાવાદમાં બદલી ના થાય તો સારૂ સુરતમાં સારા પોલીસ સ્ટેશનની ભલામણ કરી હતી.

જો કે અનેક ચર્ચાઓ વચ્ચે થયેલી બદલી પીઆઈનો રાજકીય ઘરોબો ના લીધે અમદાવાદમાં બદલી થઈ હોવાની વાતો કરી રહ્યા છે. પરંતુ તેમને પુછતા કહ્યુ કે પરીવાર અહીંયા રહે છે. એટલે અમદાવાદમાં બદલી કરાવી છે હવે સીનીયર પીઆઈને અમદાવાદ કયાં પોસ્ટીંગ મળે છે તે હવે જોવુ રહ્યું.

# ગુજરાતમાં કોંગ્રેસ આજથી દુધ સત્યાગ્રહ નામે એક મોટુ આંદોલનના કરશે શ્રી ગણેશ : આજે તા. ૨૮ જુલાઈથી આણંદથી પ્રારંભ

**ગુજરાતમાં કોંગ્રેસ હવે દુધ સત્યાગ્રહ ના નામે એક મોટુ આંદોલન શરૂ કરવા જઈ રહ્યુ છે જેનો પ્રારંભ આજે આણંદથી થશે:આ આંદોલનમાં રાહુલ ગાંધી પણ જોડાઈ શકે છે**

પ્રતિનિધિ,ગાંધીનગર



કોંગ્રેસનો મુખ્ય હેતુ દુધ ઉત્પાદકોને સબસીડી આપવાની માંગણી, દુધ સંઘની ચુંટણીઓમાં ભાજપ દ્વારા લાગુ કરાતી મેન્ડેટ પ્રથાનો વિરોધ અને ઉજળા દુધના કાળા કારોબાર સામે અવાજ ઉઠાવવાનો છે. કોંગ્રેસનો આરોપ છે કે ભાજપના નેતાઓ અને મિલ્ક માર્કેટીંગ ફેડરેશન મળીને દરરોજ સવા કરોડ લીટર દુધ રાજય બહારથી લાવી રહ્યા છે અને ડેરી ભરતીઓમાં ભ્રષ્ટાચાર થાય છે. આણંદના મહા સંમેલન બાદ મહેસાણા અને સાબરકાંઠા માં પણ આ આંદોલન વિસ્તરશે.

કોંગ્રેસના આ દુધ સત્યાગ્રહ આંદોલન પાછળ કેટલાક મુખ્ય મુદ્દાઓ છે. જે રાજયના દુધ ઉત્પાદકો અને ડેરી ઉદ્યોગને સીધી અસર કરે છે. જેમાં (૧) કોંગ્રેસે પોતાના આગામી ચુંટણી ઢંઢેરામાં દુધ ઉત્પાદકોને સબસીડી આપવાના મુદ્દાને પ્રાથમિકતા આપવાની જાહેરાત કરી છે. આ આંદોલન દ્વારા સરકાર પર દુધ ઉત્પાદકોને આર્થિક સહાય પુરી પાડવા માટે દબાણ લાવવામાં આવશે (૨) દુધ સંઘોની ચુંટણીઓમાં ભાજપ દ્વારા લાગુ કરવામાં આવતી મેન્ડેટ પ્રથાનો કોંગ્રેસ સખત વિરોધ કરશે, કોંગ્રેસે સ્પષ્ટ કહ્યુ છે કે ભાજપ જયાં પણ પોતાના મેન્ડેટ આપશે ત્યાં કોંગ્રેસ તેના વિરૂધ્ધ ઉમેદવારોની પેનલ ઉભી રાખીને લોકશાહી ઢબે લડત આપશે, ખાસ કરીને અમુલની આગામી ચુંટણીઓમાં પણ કોંગ્રેસ મેન્ડેટ થી પેનલ ઉભી રાખશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ પગલુ દુધ સંઘોમાં લોકશાહી પ્રક્રિયા અને સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે લેવાયુ છે.

# રાજકોટ ના પૂર્વ પીઆઈનુ મહિલા ટ્રાફીક વોર્ડન સાથે દુષ્કર્મ : લગ્નની લાલચ આપી વી જે ફર્નાન્ડિઝે ૩ વરસ સુધી શરીર સંબંધ બાંધ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેર પોલીસ બેડાને કલંક લગાડતી ઘટના બહાર આવી છે. શહેરમાં અગાઉ ફરજ બજાવી ચુકેલા પીઆઈ વી જે ફર્નાન્ડિઝે સામે મહિલા ટ્રાફીક વોર્ડને ફરીયાદ નોંધાવી છે. પીઆઈ ફર્નાન્ડિઝે લગ્નની લાલચ આપી ટ્રાફીક વોર્ડન મહિલાનુ શારીરિક શોષણ કર્યુ હતું. પૂર્વ પીઆઈ સામે ગુન્હો નોંધાતા શહેર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

રાજકોટ શહેર ટ્રાફીક બ્રિગેડમાં ફરજ બજાવતી મહિલા વોર્ડને મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે વી જે ફર્નાન્ડિઝ નામ આપ્યુ હતું. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર વી જે ફર્નાન્ડિઝ અગાઉ રાજકોટ શહેરમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તેમણે મહિલા ટ્રાફીક વોર્ડનને પોતાની જાળમાં ફસાવી હતી અને મહિલા વોર્ડનને લગ્નની લાલચ આપી તેની સાથે ૩ વરસ સુધી શરીર સંબંધ બાંધ્યા હતા. રાજકોટ થી ફર્નાન્ડિઝની એકાદ વર્ષ અગાઉ અમદાવાદ બદલી થઈ હતી. ત્યારબાદ પણ તેણે ટ્રાફીક વોર્ડન સાથેના સંપર્ક અને સંબંધ જાળવી રાખ્યા હતા. પરંતુ બે મહિના અગાઉ રાજકોટ ની જ મહિલા કોન્સ્ટેબલ સાથે ફર્નાન્ડિઝે લગ્ન કરી લીધા હતા, મહિલા કોન્સ્ટેબલ સાથે લગ્ન કરી પોતાની સાથે દગાખોરી કરનાર પૂર્વ પીઆઈ ફર્નાન્ડિઝ સામે અંતે મહિલા વોર્ડને ફરીયાદ નોંધાવી હતી. પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરકારે ફરજમુકત કર્યા હોવા છતાં ફર્નાન્ડિઝ સામેની ફરીયાદ છુપાવવા મહિલા પીઆઈ રાઠોડ સહિતના અધિકારીઓના ધમપછાડા રાજકોટના પૂર્વ પીઆઈ વી જે ફર્નાન્ડિઝ સામે દુષ્કર્મનો ગુન્હો મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ અંગેની માહિતી મેળવવા મીડીયા કર્મચારીઓએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફોન કર્યા હતા તો ફરજ પરના પોલીસ સ્ટેશન ઓફીસરે અધિકારીએ માહિતી આપવાની ના કહ્યા ની વાત કરી હતી, આ અંગે મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ રાઠોડનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો તો તેમણે પણ ફોન રીસીવ કર્યા ન હતા. એટલુ જ નહી અન્ય ઉચ્ચ અધિકારીઓએ પણ ફર્નાન્ડિઝને બચાવવા અને તેની સામે નોંધાયેલી ફરીયાદ જાહેર નહી થાય તે માટે ધમપછાડા કર્યા હતા. રાજકોટના પૂર્વ પીઆઈ ફર્નાન્ડિઝ સામે દુષ્કર્મનો ગુન્હો નોંધાતા જ પોલીસબેડામાં અનેક ચર્ચા શરૂ થઈ હતી. પીઆઈ ફર્નાન્ડિઝના રંગીલા મીજાજ અંગેના અનેક કિસ્સા ચર્ચાઈ રહ્યા છે. ચર્ચા મુજબ ફર્નાન્ડિઝ બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં પીઆઈ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે એક મહિલા કોન્સ્ટેબલ સાથે પ્રેમ થયો હતો થોડા દિવસના પ્રેમ બાદ તે કોન્સ્ટેબલને છોડી દીધી હતી, તે મહિલા કોન્સ્ટેબલે અન્ય પોલીસમેન સાથે લગ્ન કરી લીધા હતા. ત્યારબાદ ફર્નાન્ડિઝે અન્ય મહિલા કોન્સ્ટેબલ સાથે પ્રેમ કર્યો હતો અને તે મહિલા કોન્સ્ટેબલ સાથે બે મહિના અગાઉ લગ્ન કરી લીધા હતા. જો કે આ મહિલા કોન્સ્ટેબલ સાથે પ્રેમ સંબંધ હતા તે વખતે જ ફર્નાન્ડિઝે મહિલા ટ્રાફીક વોર્ડન સાથે પણ પ્રેમ સંબંધ બાંધી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા અને અંતે મામલો દુષ્કર્મની ફરીયાદ સુધી પહોચ્યો છે.

# ખંભાતના પીએસઆઈ પી ડી રાઠોડ ગૌ-માંસ કેસ રફેદફે કરવા માંગી મસમોટી લાંચ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



આણંદના ખંભાતમાં લાંચિયો પીએસઆઈ ૩ લાખ રૂપીયાની લાંચ લેતા ઝડપાયો છે. ખંભાત ટાઉન પોલીસ મથકનો લાંચીયો પીએસઆઈ અને એક ખાનગી માણસ લાંચ લેતા ઝડપાઈ ગયો છે. ગૌ-માંસ ના ગુન્હામાં આરોપી ન બતાવવા લાંચ માંગી હતી. પહેલા ૫ લાખની લાંચ માગી ત્યાર બાદ ૩ લાખ રૂપીયા નકકી કરવામાં આવ્યા હતા, ત્યારે એસીબીની લાંચ લેવા આવેલા વચેટીયાને ઝડપી પાડયો હતો, એસીબીના સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગઈ તા. ૩/૭/૨૦૨૫ ના રોજ ખંભાત સીટી પોલીસ સ્ટેશન ખાતે ગૌ-માંસ અંગેનો ગુન્હો દાખલ થયો હતો, જે ગુન્હામાં પકડાયેલ આરોપીની કોલ ડીટેઈલમાં આ કામના ફરીયાદીનો મોબાઈલ નંબર મળી આવ્યો હોવાથી આ કામે ખંભાત સીટી પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગૌ-માંસ અંગેના ગુન્હામાં ફરીયાદીને આરોપી તરીકે નહી બતાવવા તેમજ ફરીયાદ થતા તેમના પરીવારનો વરઘોડો નહી કાઢવા આ મહાશય પીએસઆઈએ ૫ લાખ રૂપીયાની લાંચ માંગી હતી. બાદમાં ભારે આજીજી કરતા આ મહાશય પીએસઆઈ ૩ લાખ રૂપીયા લેવા રાજી થઈ ગયો હતો. જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય આણંદ એસીબી પોલીસ સ્ટેશન ખાતે આવી પોતાની ફરીયાદ આપતા ફરીયાદીની ફરીયાદના આધારે ગઈ કાલે તા. ૨૬/૭ ના રોજ લાંચનુ છટકુ ગોઠવીને એસીબીની ટીમે લાંચ લેવા આવેલા વચેટીયાને રંગે હાથ ઝડપી લીધો હતો. જયારે પીએસઆઈને આ અંગે જાણ થતા લાંચીયો પીએસઆઈ ફરાર થઈ ગયો હતો. ત્યારે હાલ એસીબી દ્વારા ફરાર પીએસઆઈ રાઠોડની સઘન શોધખોળ ચાલી રહી છે. આ મામલે વધુ ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

બનાવની વિગતો અનુસાર આ સમગ્ર ઘટના ૨૫ દિવસ અગાઉની છે. જયારે ખંભાત શહેર પોલીસે ૩ નીમડી નાની છીપવાડ વિસ્તારમાં દરોડા પાડયા હતા. મસ્જીદ સ્ટ્રીટ પર સ્થિત એક ઘરમાંથી ગેરકાયદેસર રીતે ગૌ માંસ વેચવાના આરોપમાં ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. શાહબાઝ ફૈમુદીન શેખ અને નઈમુદીન ફૈમુદીન શેખ ગાય ની કતલ કરતા પકડાયા હતા, પુછપરછ દરમિયાન તેણે જણાવ્યુ હતુ કે માંસ પેટલાદના તાઈવાડાના રહેવાસી મોહસીન સાબુદીન શેખ ને વેચવાનુ હતું. બાદમાં પોલીસે સ્થળ પરથી ૨૫ કિલો ગૌ-માંસ જપ્ત કર્યુ હતું, માંસ કાપવાના સાધનો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપીયા ૧૩૭૩૦ ની કિંમતી વસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી હતી. પશુ ચિકિત્સકની હાજરીમાં ગૌ-માંસની પુષ્ટી થઈ હતી અને નમુનાઓ તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. ખંભાત શહેર પોલીસે ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ બીએનએસ અને પશુ સંરક્ષણ અધિનિયમની કલમો હેઠળ ગુન્હો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. તેમજ ફરાર પીએસઆઈને પકડવા અને સમગ્ર રેકેટનો પર્દાફાશ કરવા માટે વધુ તપાસ ચાલુ છે.

## અમદાવાદ સહિત ૨૭ જિલ્લામાં સાંબેલાધાર વરસાદની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં આજે સવારથી મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. બંગાળની ખાડીમાં એક સિસ્ટમ બની છે જેની દિશા ગુજરાત તરફની છે. ત્યારે હવામાન વિભાગે ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદ થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે આજે સાત જિલ્લામાં રેડ એલર્ટ આપી છે. આ સાથે ૨૦ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપી છે.

હવામાન વિભાગના મેપ પ્રમાણે, આજે કુલ ૨૭ જિલ્લામાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી આપી છે. જેમાં સાત જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવી હતી. અમદાવાદ સહિત બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગરમાં રેડ એલર્ટ આપી છે. આ સાથે આ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની સાથે છૂટાછવાયા સ્થળો પર અત્યંત ભારે વરસાદની આગાહી આપી છે.

## અમદાવાદના દસક્રોઈમાં આભ ફાટ્યું!

# અમદાવાદના દસક્રોઈમાં ૬ કલાકમાં ૮.૫ ઈંચ વરસાદ

## મધ્ય ગુજરાતમાં મહેમદાબાદમાં ૬ કલાકમાં ૬ ઈંચ વરસાદ અને કઠલાલ,નડિયાદ,માતરમાં ૪ ઈંચ વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે ગઈકાલ રાતથી જ ધોધમાર વરસાદ જોવા મળી રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને આજે વહેલી સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. અમદાવાદ શહેર સહિત મધ્ય ગુજરાતના ભાગો અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ ખાબક્યો છે. ખાસ કરીને આજે સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીના વરસાદના આંકડાની વાત કરીએ તો, અમદાવાદના દસ્ક્રોઈમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. આજે સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં અમદાવાદના દસ્ક્રોઈમાં સૌથી વધુ ૮.૭૦ ઈંચ વરસાદ પડ્યો છે. આ દરમિયાન ૬ કલાકમાં ૧૪૨ તાલુકામાં વરસાદ પડ્યો છે. આ સાથે જ મધ્ય ગુજરાતમાં મહેમદાબાદમાં ૬ કલાકમાં ૬ ઈંચ વરસાદ અને કઠલાલ,નડિયાદ,માતરમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ભિલોડા,ભાભરમાં ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ઉમરેઠ,બાવળા,કાંકરેજમાં ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં મેઘરાજાએ ભુક્કા બોલાવ્યા છે. અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ છે. રોડ, સોસસાયટીઓ પાણીમાં જળમગ્ન છે. અમદાવાદમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ કરી છે. જ્યારે દાણીલીમડા પાસે **BRTS-AMTS** બસ પાણીમાં ફસાઈ હતી. બીજી બાજુ, ખોખરાના સર્વોદયનગરમાં ઘરોમાં પાણી ઘૂસ્યાં છે. ઠેર-ઠેર ગટર ઉભરાવાની સમસ્યાથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે. મણિનગર, જશોદાનગર, હાટકેશ્વર, ખોખરા સહિતના વિસ્તારમાં ૧.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.જ્યારે પશ્ચિમ વિસ્તારમાં સરખેજ, જુહાપુરા સહિતના વિસ્તારોમાં પણ દોઢ ઈંચ વરસાદ પડ્યો છે. તો જોધપુર, સેટેલાઈટ, પ્રહલાદનગર, આનંદનગર, વાસણા, પાલડી, આશ્રમરોડ સહિતના વિસ્તારોમાં પણ એક ઈંચથી સવા ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

## કપિલ દેવ તેના સમર્થનમાં ઉતર્યા

# અંશુલ કંબોજ ડેબ્યુ પર ધાર્યું પરિણામ ન આપી શકતા સવાલો ઉઠવા લાગ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈંગ્લેન્ડ સામે ચોથી ટેસ્ટ પહેલા ટીમમાં સામેલ કરાયેલા બોલર અંશુલ કંબોજને ઈંગ્લેન્ડ આવતાની સાથે જ ડેબ્યૂ કરવાની તક મળી છે. માન્ચેસ્ટરમાં, તેને આકાશદીપના સ્થાને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યા હતો. જોકે, અંશુલનું ટેસ્ટ ડેબ્યૂમાં પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું અને તેને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન કપિલ દેવે યુવા ખેલાડીને ટેકો આપ્યો અને કહ્યું કે તેમનામાં ભવિષ્યમાં સફળ થવાની ક્ષમતા છે. કંબોજે ૧૮ ઓવરમાં ૧ વિકેટ લીધી અને ૮૯ રન આપ્યા હતા, જ્યારે ભારતીય બોલિંગ લાઈનઅપ યજમાન ટીમ સામે શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવી રહી હતી, જેમણે તેમની પ્રથમ ઈનિંગમાં ૬૬૦ રન બનાવ્યા હતા.કપિલ દેવે શનિવારે કહ્યું, "તમે ડેબ્યુ કરનાર પાસેથી શું અપેક્ષા રાખો છો કે તે ૧૦ વિકેટ લે? તમારે તેની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું પડશે. જો તે સારો છે, તો તે પાછો આવશે. દરેક વ્યક્તિ પોતાની પહેલી મેચમાં નર્વસ હોય છે. પરિણામ અપેક્ષા મુજબ ન પણ આવે, પરંતુ મારું માનવું છે કે ક્ષમતા છે, અને તે વધુ મહત્વનું છે." ટોસ પહેલા અંશુલ કંબોજને ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર દીપ દાસગુપ્તાએ તેની પહેલી ટેસ્ટ કેપ આપી હતી.

# રાહુલ ગાંધીએ ગુજરાતના કાર્યકર્તાઓને આપ્યુ એક વચન : આપ્યો જીત માટે જાદુઈ મંત્ર : ચુંટણી પંચ એક પક્ષપાતી એમ્પાયર છે : રાહુલ ગાંધી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગઈ કાલે શનિવારે ગુજરાત પ્રવાસ દરમિયાન ભાજપ અને ભારત ના ચુંટણીપંચ પર જોરદાર નિશાન સાધ્યુ હતું. રાહુલ ગાંધીએ કહ્યુ કે ચુંટણીપંચ એક એમ્પાયર બની રહ્યુ છે જે ચુંટણી પ્રક્રિયામાં પક્ષપાતી છે. તેમણે એમ પણ કહ્યુ કે ભાજપને તેના ગઢ ગુજરાતમાં હરાવવુ મહત્વપૂર્ણ છે. રાહુલ ગાંધીએ ગુજરાતમાં પાર્ટીના જિલ્લા પ્રમુખોને ખાત્રી આપી કે ચુંટણી માટે ઉમેદવારોની પસંદગી કરતી વખતે તેમના મંતવ્યને પણ ધ્યાને લેવામાં આવશે.

લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંગઠન નિર્માણ અભિયાન હેઠળ કોંગ્રેસના જિલ્લા પ્રમુખોના તાલીમ શિબિરમાં પોતાના સંબોધન દરમિયાન ચુંટણીપંચ પર પક્ષપાતી હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યુ કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ને તેના મુખ્ય ગઢ ગુજરાતમાં હરાવવુ મહત્વપૂર્ણ છે. કોંગ્રેસે ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને આણંદ શહેર નજીકના એક રીસોર્ટમાં જિલ્લા પાર્ટી સમિતિઓના નવનિયુકત પ્રમુખો માટે શિબિરનુ આયોજન કર્યુ હતું. પાર્ટીના મિશન ૨૦૨૭ માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવાના ઉદ્દેશ થી આયોજીત આ શિબિર આજે ૨૮ જુલાઈના રોજ પુરી થશે. ગુજરાત કોંગ્રેસના વડા અમિત ચાવડાએ બેઠક બાદ જણાવ્યુ હતુ કે રાહુલ ગાંધીએ જિલ્લા પ્રમુખોને માર્ગદર્શન આપ્યુ હતુ અને ખાત્રી આપી હતી કે નેતૃત્વ સંપૂર્ણપણે પાર્ટી કાર્યકરો સાથે છે.

રાજકોટ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ કહ્યુ કે રાહુલ ગાંધીએ અમને લોકો સંબંધીત મુદ્દાઓ ઉઠાવવા કહ્યુ હતું. તેમણે ખાત્રી આપી હતી કે વિવિધ ચુંટણીઓમાં ઉમેદવારો પસંદ કરતા પહેલા શહેર અને જિલ્લા પ્રમુખોની સલાહ લેવામાં આવશે. અન્ય એક નેતાએ કહ્યુ કે રાહુલ ગાંધીએ ક્રિકેટ પરીભાષાનો ઉપયોગ કરીને ચુંટણીપંચ પર પક્ષપાતી એમ્પાયર હોવાનો આરોપ લગાવ્યો હતો જેના કારણે કોંગ્રેસ ચુંટણી હારી રહી છે. કોંગ્રેસના સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ નૌશાદ સોલંકીએ કહ્યુ હતુ કે ક્રિકેટમાં જો તમે વારંવાર આઉટ થાઓ છો, તો તમે તમારી જાત પર શંકા લાગે છે, પરંતુ પછી તમને ખ્યાલ આવે છે કે તમે તમારી ભુલને કારણે આઉટ નથી થઈ રહ્યા, એમ્પાયર પક્ષપાતી છે, રાહુલે આ વાત કહી અને અમને ખાત્રી આપી, વધુમાં તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે ચુંટણીપંચ ની શંકાસ્પદ મતદારયાદીના કારણે અમે ૨૦૧૭ ની ગુજરાતમાં ચુંટણી હારી ગયા હતા. નૌશાદ સોલંકીએ વધુમાં કહ્યુ કે રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે ભાજપને તેના મુખ્યગઢ ગુજરાતમાં હરાવવુ ખુબ જ મહત્વપૂર્ણ છે. પાર્ટી માને છે કે આપણે ઉત્તર પ્રદેશ, બિહાર અને કેટલાક અન્ય રાજયોમાં (ભાજપ ને હરાવવા માટે ) સખત મહેનત કરવી પડશે. તેમણે કહ્યુ કે જો આપણે ગુજરાતમાં ભાજપને હરાવી શકીએ છીએ તો પાર્ટીને દરેક જગ્યાએ જીતાડી શકાય છે.

# ગાંધીનગર જિલ્લાની ૧૦૩ સરકારી શાળાઓમાં રમત ગમત માટે મેદાન કે વ્યાયામ શિક્ષક નથી

**બે વરસથી શાળાઓમાં નોધપોથી, હાજરી પત્રક પહોચ્યા નથી શાળામાં મેદાન અને પીટી શિક્ષકોના અભાવે બાળકો રમત ગમતની પ્રવૃત્તિથી વંચીત : વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની તાલીમ માટે રૂપીયા ૯૦ લાખની ગ્રાન્ટ પણ મેદાન જ નથી : વિપક્ષ નેતા**

પ્રતિનિધિ,ગાંધીનગર



જિલ્લા પંચાયત હસ્તકની ૧૦૩ જેટલી પ્રાથમિક શાળાઓમાં રમત ગમત માટેનુ મેદાન જ નથી, તેમજ વ્યાયામ શિક્ષકો પણ નથી તેના લીધે વિદ્યાર્થીઓમાં રહેલી રમત ગમતની સુષુપ્ત શકિતઓ ઉજાગર થતી નથી. શાળાના મેદાન માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં નહી આવતા ખેલ મહાકુંભની ઉજવણીનો હેતુ સિધ્ધ થતો નથી, આ ઉપરાંત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં છેલ્લા બે વરસથી નોધપોથી, હાજરી પત્રક પહોચ્યા નહી હોવાનો આક્ષેપ વિપક્ષના નેતાએ કર્યો છે.

રાજય સરકાર દ્વારા ખેલ મહાકુંભનુ આયોજન કરીને વિદ્યાર્થીઓમાં રહેલી રમત ગમતની સુષુપ્ત શકિતઓને ઉજાગર કરવામાં આવી રહી છે. પરંતુ તેની વચ્ચે રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લાની ૫૩૩ સરકારી પ્રાથમિક શાળાઓમાંથી ૧૦૩ શાળાઓ પાસે મેદાન જ નથી, વધુમાં મેદાન નહી હોવા છતાં વિદ્યાર્થીઓની રમત ગમતની શકિતઓને ઉજાગર કરવા માટે વૈકલ્પિક મેદાનની વ્યવસ્થા પણ કરવામાં આવી નથી, વધુમાં રમત ગમતના મેદાનના અભાવની વચ્ચે પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકો નહી હોવાથી વિદ્યાર્થીઓમાં રહેલી રમત ગમતની શકિતઓ કુઠીત થઈ રહી છે. જિલ્લામાં સરકારી શાળાની વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની તાલીમ આપવા માટે રૂપીયા ૯૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

પરંતુ મેદાનના અભાવે સ્વરક્ષણની તાલીમ વિદ્યાર્થીનીઓને મળી શકતી નથી તેવો આક્ષેપ જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા અજીતસિંહ રાઠોડે સામાન્ય સભામાં કર્યો હતો. જો કે વિપક્ષના નેતાએ પુછેલા પ્રશ્નના જવાબમાં કેટલાક વ્યાયામ શિક્ષકોની ભરતી કરાઈ છે તેમાંથી કેટલીક ભરેલી અને કેટલીક ખાલી જેવી માહિતી પણ સંપૂર્ણ આપવામાં આવી નહી હોવાનો વિપક્ષનેતાએ આક્ષેપ કર્યો હતો. વધુમાં સરકારી પ્રાથમિક શાળાની વહિવટી કામગીરીની સરળતા માટે સ્ટેશનરી સમગ્ર શિક્ષા અભિયાન અને જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી આપવામાં આવે છે.

# નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં ભાજપે વડાપ્રધાન મોદીના ફોટોવાળી નોટબુકોનુ કર્યુ વિતરણ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પાર્ટી નર્મદા જિલ્લાના પ્રમુખ દ્વારા ડેડીયાપાડા વિધાનસભા અને નર્મદા જિલ્લાના ગામડે ગામડે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટોગ્રાફવાળી નોટબુકનુ વિતરણ કાર્યક્રમ દરેક પ્રાથમિક શાળાઓમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા કરવામાં આવી રહ્યુ છે. અમે આ ભારતીય જનતા પાર્ટીના આગેવાનોને પુછવા માંગીએ છીએ કે ૩૦ વરસથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને તેમ છતાં તમે જે સોશીયલ મીડીયા પર જે ફોટો શુટ કરીને મુકી રહ્યા છો તેની પાછળની દિવાલ જુઓ લીલ બાજેલી છે. આ મામલે આજે રવિવારે ડેડીયાપાડામાં નિરંજન વસાવાએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

શાળામાં જયાં બાળકો ભણી રહ્યા છે એ નીચે લીંપણ કરેલુ છે એમા બેઠા છે, વાંસની કામળીઓની દિવાલ છે અને પતરાવાળો શેડ, નળીયાવાળા શેડ પર અને ખુલ્લામાં ચોમાસામાં આ બાળકો ભણી રહ્યા છે, સરસ વિકાસ થયો હોય એવો ભારતીય જનતા પાર્ટીના નેતાઓ કહી રહ્યા હોય તો અમે એમને પુછવા માંગીએ છીએ કે શું ખરેખર આ વિકાસ છે કે પછી વિનાશ થઈ રહ્યો છે. આજે સોશીયલ મીડીયા દ્વારા ફોટો શુટ કરી અને જે વાહવાહી મેળવવા માંગો છો,

આજે સમગ્ર ગુજરાત અને ટ્રાયબલ વિસ્તાર જાગી ગયો છે. આજે તમને પુછવા માંગે છે કે તમે ૩૦ વરસથી શાસન કરી રહ્યા છો પણ તેમ છતાં પણ આજે પ્રાથમિક શાળાઓ જર્જરીત હાલતમાં છે. કાચા ઘરોમાં વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે, શું આને આપણે વિકાસ કહીશુ, કયાં અને કેવી રીતે ભણશે ગુજરાત ? અને કયારે આગળ વધશે, ગુજરાત તમે ચુંટાયેલા સાંસદ સભ્ય અને



ભારતીય જનતા પાર્ટીના નર્મદા જિલ્લાના પ્રમુખ અને આગેવાનોને અમે પુછવા માંગીએ છીએ કે શું ખરેખર તમે આને વિકાસ કહો છો કે પછી વિનાશ ? જો ખરેખર જ આ વિકાસ હોય તો આ કેવો વિકાસ છે.

# રાજકોટમાં માનવતાને શર્મસાર કરતી ઘટનાઃ નરાધમ પિતાએ ૧૨ વર્ષીય સગીર દિકરીને ૬ મહિના સુધી પીંખી: કુકર્મ કરતા પતિને પત્ની જોઈ ભાંડો ફુટયો

**આરોપીનો પરીવાર મુળ નેપાળનો રહેવાસી : પોલીસ ધરપકડથી બચવા માટે નરાધમ પિતા ઘર છોડીને ભાગી ગયો**

પ્રતિનિધિ,ગાંધીનગર




ઘોર કળીયુગ ચાલી રહ્યો હોવાની ઘટના રાજકોટમાં બની છે. સગો પિતા જ હેવાન બની પોતાની દિકરી પર દુષ્કર્મ આચરતો હોવાની માનવતાને શર્મસાર કરતી ઘટના બહાર આવી છે. નરાધમ પિતા જ ૧૨ વર્ષીય પુત્રી પર છેલ્લા ૬ મહિનાથી શારીરિક અડપલા અને દુષ્કર્મ આચરવામાં આવતુ હોવાનુ બહાર આવ્યુ છે. પત્ની પતિને દિકરી સાથે કુકર્મ કરતો જોઈ ભાંડો ફુટયો હતો. આ અંગે પત્નીએ પતિ વિરૂધ્ધ રાજકોટ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષીય માતાએ પોતાના જ પતિ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા જણાવ્યુ છે કે તેમના પતિ દ્વારા તેમની દિકરી સાથે ગઈ તા. ૨૫/૭/૨૦૨૫ ના રોજ સવાર ના ૫ વાગ્યાના અરસામાં તેમજ છેલ્લા ૬ મહિના અગાઉથી અવાર નવાર શારીરિક અડપલા અને દુષ્કર્મ આચરવામાં આવતુ હતું. આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એફ), ૬૫ (૧), ૭૫(૧) તેમજ પોકસો એકટ હેઠળની કલમ ૬, ૮ મુજબનો ગુન્હો નોંધવામાં આવ્યો છે.

આરોપી મુળ નેપાળનો રહેવાસી છે અને તેના પરીવાર સાથે છેલ્લા ૪ વરસથી રાજકોટમાં રહે છે. પરીવારમાં તેની પત્ની, ૨ બાળકી અને ૧ બાળક છે તે ચોકીદાર ના વ્યવસાય સાથે સંકળાયેલો છે. જયારે તેની પત્ની ઘરકામ કરે છે. ભોગ બનનાર બાળકીને એક ભાઈ અને એક બહેન પણ છે. ૨૫ જુલાઈના રોજ જયારે પિતા દિકરી સાથે શારીરિક અડપલા કરી રહ્યો હતો ત્યારે તેની માતાએ આ જોઈ લીધુ.

ત્યારબાદ માતાએ દિકરીને પુછ પરછ કરતા દિકરીએ પોતાના પિતાના જધન્ય કૃત્ય અંગે વાતચીત કરી હતી. આ મામલે પતિ પત્ની વચ્ચે ઝઘડો પણ થયો હતો. જેમાં પત્નીએ પતિને પોલીસમાં ફરીયાદ કરવાની ધમકી આપી હતી. પોલીસ ધરપકડ થી બચવા માટે નરાધમ પિતા ઘર છોડીને ભાગી ગયો હોવાનુ બહાર આવ્યુ હતું. પોલીસે હ્યુમન ઈન્ટેલીજન્સ તેમજ ટેકનીકલ સર્વેલન્સના માધ્યમથી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# પોલીસમાં નિયમિત ભરતી કરે તો જ જગ્યાઓ ખાલી ના રહે : ગુજરાત હાઈકોર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયના પોલીસબેડામાં ભરતી મામલે હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલા કેસમાં ચીફ જસ્ટીસની ખંડપીઠે સરકારને વધુ એકવાર એવી ટકોર કરી હતી કે પોલીસ વિભાગમાં ભરતી માટે કેલેન્ડર બનાવો, જેથી નિયમિત રીતે ભરતીની પ્રક્રિયા ચાલુ રહે અને જગ્યાઓ ખાલી ન રહે. તો બીજી તરફ સરકારે કોર્ટને જણાવ્યુ હતુ કે હાલમાં કરવામાં આવેલી ભરતીનુ પરીણામ સપ્ટેમ્બરમાં અને ફાઈનલ લીસ્ટ ઓકટોબર અથવા નવેમ્બરમાં આવી જશે. જયારે કે ૩૧૩ બિનહથિયાર ધારી પીએસઆઈની જગ્યા પ્રમોશનથી ભરાશે. આ કેસની સુનાવણીમાં મુખ્ય સરકારી વકીલે કોર્ટને જણાવ્યુ હતુ કે પ્રમોશનલ ભરતી અને સીધી ભરતી બંનેની પ્રક્રિયા હાલ ચાલુ છે. સીધી ભરતીનુ પરીણામ સપ્ટેમ્બરમાં જાહેર થવાની શકયતા છે. પીએસઆઈ બિનહથિયારધારી અને કોન્સ્ટેબલની શારીરિક કસોટી પુર્ણ થઈ ચુકી છે. તેના પરીણામ અનુક્રમે ફેબ્રુઆરી અને માર્ચમાં જાહેર થયા હતા. પીએસઆઈ પેપર બે લેખીત પરીક્ષા થઈ ચુકી છે. આ પરીક્ષા એપ્રિલમાં લેવાઈ હતી, જેમાં ૫૦ હજાર અરજદારોની જવાબવાહી તપાસવામાં આવી રહી છે. ડોકયુમેન્ટ વેરીફીકેશન બાદ ફાઈનલ લીસ્ટ ઓકટોમ્બર અથવા નવેમ્બર મહિનામાં જાહેર થશે.પેપર ચેકીંગમાં મોડુ થઈ રહ્યુ છે, તેનુ કારણ તજજ્ઞ લોકો જલ્દી મળતા નથી, પહેલો તબકકો પૂર્ણ થતા બીજા તબકકે કોન્સ્ટેબલની સીધી ભરતીની જાહેરાત થશે, પ્રમોશન ભરતીમાં આજથી એક વર્ષ અગાઉ ૭૭૨૫ જગ્યાઓ પ્રમોશનની ખાલી હતી. જેમાંથી પ્રમોશનથી ૬૫૮૯ પોસ્ટ ભરાઈ ચુકી છે. જયારે બાકી ૩૬ પોસ્ટ ખાલી છે અને બિનહથિયારધારી પીએસઆઈની ૩૧૩ પ્રમોશનલ પોસ્ટ માટે ૨૬ જુને જાહેરાત બહાર પડાઈ છે. હાઈકોર્ટે સુચન કર્યુ હતુ કે સમયસર કેલેન્ડર ભરતી પ્રક્રિયા હાથ ધરાય તો જગ્યાઓ ખાલી ન રહે અને પ્રમોશન માટે પણ યોગ્ય ઉમેદવારો મળી રહી, કોર્ટે જણાવ્યુ હતુ કે આ અરજી થી પોલીસ ભરતી બોર્ડ બન્યુ અને તેને કાયમી સભ્યો પણ મળ્યા છે. સરકારી વકીલે કહ્યુ હતુ કે પોલીસમાં સર્વિસ સંબંધી કેસો ટાળવા પણ કોર્ટ મિત્ર સાથે ચર્ચા કરીને કેટલાક નિયમોમાં ફેરફાર ની શકયતાઓ ચકાસવામાં આવી રહી છે.

# વિસાવદરની પેટાચુંટણીમાં ભાજપના ખોટા વચનનો ભોગ ૩ જિલ્લાના ૫૦ હજાર ખેડુતો બન્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



વિસાવદરની પેટા ચુંટણીમાં આપેલા ખોટા વચન અને વાયદાનો ભોગ ૩ જિલ્લાના ૫૦ હજાર થી વધુ ખેડુતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જેડીસીસી બેંકમાંથી ૩ ને બદલે ૫ લાખ નુ વગર વ્યાજે ધિરાણ આપી હવે ૨ લાખ રૂપીયા ખેડુતોને પરત ભરવાનો આદેશ કરતા ખેડુતોમાં રોષ ભભુકી ઉઠયો છે. ખેડુતોને દર વરસે પાક ધિરાણ માટે ૩ લાખ સુધીનુ ધિરાણ વગર વ્યાજે આપવામાં આવે છે. તેનુ વ્યાજ કેન્દ્ર અને રાજય સરકાર ભોગવે છે.

આ વખતે કેન્દ્રના બજેટમાં ૩ માં થી ૫ લાખ વગર વ્યાજે આપવાની જાહેરાત થઈ હતી. પરંતુ તે અંગેનો કોઈ સત્તાવાર પરીપત્ર ન થયો જેથી એક પણ રાષ્ટ્રીય કૃત બેંક દ્વારા ૫ લાખનુ વગર વ્યાજે ધિરાણ આપવામાં આવ્યુ નથી. પરંતુ વિસાવદરની પેટા ચુંટણી લડતા સમયે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલ કે જેઓ જુનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન છે.

તેમણે માત્ર કેન્દ્ર સરકારની જાહેરાતના આધારે ખેડુતોને ૫ લાખ વગર વ્યાજે પાક ધિરાણ આપવાનો નિર્ણય કરી, ૫૦ હજાર જેટલા ખેડુતોને ૫ લાખ રૂપીયા પાક ધિરાણના આપી દીધા હતા. જેથી ૫ લાખ રૂપીયા જે ખેડુતોને વગર વ્યાજે આપ્યા હતા તેની પાસેથી ૨ લાખ ની રકમ પરત ભરવા ખેડુતોને બેંકે આદેશ કર્યો છે. જો ખેડુત ૨ લાખ પરત ન ભરે તો તેને ૧૨ ટકા લેખે વ્યાજ ચુકવવાનો વારો આવશે. જુનાગઢ જિલ્લા સહકારી બેંકનુ કાર્યક્ષેત્ર જુનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં છે. તેમાં કુલ ૧ લાખ થી વધુ બેંકના સભાસદ ખેડુતો છે. તેમાંથી ૫૦ હજાર જેટલા ખેડુતોએ ૩ ને બદલે ૫ લાખ રૂપીયાનુ ધિરાણ લઈ લીધુ હતું. હવે ખેડુતો પાસે ૨ લાખ પરત માંગતા મોટો વિવાદ ઉભો થયો છે.

ખેડુતો કહે છે કે અમે ૫ લાખ રૂપીયાનુ પાક ધિરાણ લીધુ હતુ, તે રકમ ખેતીના કામમાં વાપરી નાખી છે, હવે અમારી પાસે હાલ તે રકમ છે જ નહી અમે કેવી રીતે ભરીએ ? આ સમગ્ર મામલે વિવાદ છેડાયો છે. આ મુદ્દે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પણ આક્ષેપ કર્યો છે કે એકવાર જે પધ્ધતિથી રકમ આપી દેવામાં આવી છે. હવે તેમાં અધવચ્ચે કોઈ ફેરફાર થઈ શકે નહી, આ અંગે મુખ્યમંત્રી, કૃષિમંત્રી સહિતનાઓને રજુઆત કરી જવાબદારો પર કાર્યવાહી થાય તેવી માંગ કરીશ,

# વરસાદી પાણી ભરાતા વાહનચાલકો અટવાયાઃ અમદાવાદ-પાલનપુર હાઈવે પર ૫ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

વડગામ તાલુકામાં ગઈકાલથી વરસી રહેલા ધોધમાર વરસાદે જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. આ ભારે વરસાદના કારણે અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક મોટા પ્રમાણમાં પાણી ભરાયું છે, જેના લીધે લગભગ ૫ કિલોમીટરથી વધુ લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. આ ટ્રાફિક જામમાં અનેક વાહન ચાલકો કલાકોથી અટવાયા તો ઘણા વાહનો પાણીમાં ફસાયા હોવાના દશ્યો સામે આવ્યા છે. નોંધનીય છે કે, છેલ્લી ૨૪ કલાક(૨૬-૨૭ જુલાઈ)માં રાજ્યનો સૌથી વધુ ૭.૫૨ ઈંચ જેટલો વરસાદ બનાસકાંઠાના વડગામમાં જ નોંધાયો છે. આ ઉપરાંત, ડીસામાં ૩.૫૮ ઈંચ, દાંતીવાડામાં ૩.૦૭ ઈંચ, પાલનપુરમાં ૨.૬૦ ઈંચ અને ધાનેરામાં ૨.૨૮ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ભારે વરસાદને કારણે છાપી પંથકમાં તળાવો છલકાયા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. છાપી બ્રિજ આસપાસની સોસાયટીઓમાં પણ પાણી ઘૂસી જતાં રહેવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદના કારણે વડગામ, પાલનપુર, ડીસા અને દાંતીવાડા સહિતના વિસ્તારોમાં રસ્તાઓ અને બજારોમાં પાણી ભરાયા છે. છાપી ગામ તરફ જતો મુખ્ય માર્ગ બંધ થઈ જતાં ગામનો સંપર્ક અન્ય વિસ્તારો સાથે કપાઈ ગયો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું છે. જોકે ખેડૂતો માટે આ વરસાદ એક તરફ ખુશી લાવ્યો છે, કારણ કે તળાવો અને જળાશયો ઓવરફ્લો થયા છે, પરંતુ બીજી તરફ નીચાણવાળા વિસ્તારોમાં ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક ઘૂંટણસમું પાણી ભરાયા છે. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. મેઈન હાઈવે પર જ ટ્રક, ટેકર અને અન્ય વાહનો પાણીમાં ફસાતાં હાઈવેનો એક ભાગ બંધ કરવાની ફરજ પડી છે. ટ્રાફિક જામના કારણે વાહન ચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે અને કેટલાક વાહનોને ધક્કા મારીને પાણીમાંથી બહાર કાઢવાની નોબત આવી છે.અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક ઘૂંટણસમું પાણી ભરાયા છે. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. મેઈન હાઈવે પર જ ટ્રક, ટેકર અને અન્ય વાહનો પાણીમાં ફસાતાં હાઈવેનો એક ભાગ બંધ કરવાની ફરજ પડી છે.

**વીડિયો બનાવીને હાર્દિકસિંહ ગાયબ થઈ ગયો**

# રીબડામાં અનિરુદ્ધસિંહને પડકાર ફેંકવાના કેસમાં નવો વળાંક

**વીડિયો ગુજરાત બહારથી વાયરલ કર્યો હતો, આ મામલામાં પોલીસે યુપી-એમપીમાં ટીમ ઉતારી**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ

સૌરાષ્ટ્રના નકશાનું નાનકડું ગામ રીબડા હાલ વિવાદોને કારણે ચર્ચામાં આવ્યું છે. ગોંડલના રીબડામાં અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલપંપ પર ફાયરિંગ કેસમાં નવો વળાંક આવ્યો છે. ફાયરિંગની જવાબદારી લેનાર હાર્દિકસિંહે ગુજરાત બહારથી વીડિયો વાયરલ કર્યો હોવાનું ખૂલ્યુ છે. તેથી અન્ય રાજ્યોમાં પોલીસ દોડતી થઈ છે. રીબડા ફાયરીંગની કબુલાતનો વિડીયો હાર્દિકસિંહ જાડેજાએ ગુજરાત બહારથી વીડિયો બનાવીને વાયરલ કર્યો હતો. તેથી હાર્દિકસિંહને ઝડપી લેવા રૂરલ પોલીસની ટીમોની ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં તપાસ માટે પહોંચી છે. રીબડામાં અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ પર ફાયરીંગની જવાબદારી હાર્દિકસિંહ જાડેજાએ સ્વીકારી હતી. ત્યારથી રીબડા પોલીસ દોડતી થઈ છે. પોલીસ હાલ હાર્દિકસિંહ જાડેજાને શોધી રહી છે. આ તપાસમાં નવી માહિતી સામે આવી છે, હાર્દિકસિંહ વીડિયો ગુજરાતમાં નહિ, પણ બહારથી બનાવ્યો હતો. કારણ કે, તેણે જ્યાંથી વીડિયો બનાવ્યો, ત્યાં દુકાનના બોર્ડ હિન્દી ભાષામાં લખાયેલા છે. તેથી હાર્દિકસિંહ ઉત્તર પ્રદેશ કે મધ્યપ્રદેશમાં હોવાની શંકા પોલીસને છે. તેથી પોલીસે બંને રાજ્યોમાં રુરલ પોલીસની બે ટીમો દોડાવી છે. જોકે, પેટ્રોલ પંપ પર ફાયરિંગ કરનારા બંને શખ્સોની પણ ઓળખ નથી થઈ. પોલીસે સીસીટીવીના આધારે માલૂમ કર્યું કે, બંને શખ્સો પરપ્રાંતીય હતા, અને રાજકોટથી રીબડા આવ્યા હતા અને રીબડાથી પરત રાજકોટ રૈયા ચોકડી સુધી ગયા હતા. ત્યાં સુધીનાા સીસીટીવી પોલીસને મળી આવ્યા છે. રૂરલ પોલીસની અલગ અલગ ટીમોએ હાર્દિકસિંહ જાડેજા સહિત ત્રણેય શખ્સોને ઝડપી લેવા દોડધામ આદરી છે.